RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 06-08-2026 I VOL : 12 I Issue : 142 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર

સફળતા સતત પ્રયત્નોનું પરિણામ છે. પોતાને ઓળખો, દુનિયા તમને ઓળખશે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

શક્તિસિંહ ગોહિલના ભાજપ સરકાર અને ભ્રષ્ટ અધિકારીઓ પર તીખા પ્રહારો!

4

ટ્રમ્પની હત્યાનો વધુ એક પ્રયત્ન નિષ્ફળ કરાયો ગોલ્ફ-કોર્સ પાસે...

6

'બિગ બોસ 11' ની કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલી એક્ટ્રેસ બેનાફશાની...

7

ICCએ વનડે વર્લ્ડ કપ 2027ના ક્વૉલિફાયર શિડ્યૂલની કરી જાહેરાત

## જંતર-મંતરના પ્રદર્શનકારીઓ સાથે રાહુલની પ્રેસ કોન્ફરન્સ

# તમે કંઈ ખોટું નથી કર્યું, માફીની કોઈ જરૂર નથી: રાહુલ ગાંધી

## છોકરીએ કહ્યું- ભારત માતા કી જય બોલવા પર દેશદ્રોહી કહ્યા, શાંતિથી ચાલવા છતાં પણ માર્યા

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ બુધવારે દિલ્હીમાં 10 જનપથ પર જંતર-મંતરના પ્રદર્શનકારીઓ સાથે પ્રેસ કોન્ફરન્સ કરી. રાહુલે કહ્યું કે 20 જુલાઈના રોજ થયેલા કોકરોચ પાર્ટીના પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર લાઠી-પેલેટ ગનથી હુમલો કરવામાં આવ્યો. રાહુલ પોતાની સાથે ચાર પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને મીડિયા સામે લાવ્યા. એક વિદ્યાર્થિનીએ કહ્યું- ભારત માતા કી જય બોલવા પર અમને દેશદ્રોહી કહેવામાં આવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું- પ્રદર્શનકારીઓએ કંઈ પણ ખોટું કર્યું નથી. તેમનું સતત શોષણ થઈ રહ્યું છે. આ બાળકો દેશના ભવિષ્ય માટે લડ્યા. તેમને માફી માંગવાની જરૂર નથી. લોકશાહી માટે આ બાળકો લડ્યા, તે બદલ તેમનો આભાર. અમે પ્રદર્શન કરી રહેલા કેટલાક યુવાનો સાથે વાત કરી. તેમણે જણાવ્યું કે તેમની સાથે મારપીટ કરવામાં આવી, ધમકાવવામાં આવ્યા અને દબાણ કરવામાં આવ્યું. મને તેમના પર અને દેશભરના હજારો યુવાનો પર ગર્વ છે. તેમણે બંધારણ, ભારતના વિચાર અને દેશના ભવિષ્યનું રક્ષણ કર્યું છે.



### સંસદમાં રાહુલએ પેલેટ ગનનો મુદ્દો ઉછાળ્યો, ગૃહમંત્રી-વડાપ્રધાનની હાજરીની માગ સાથે વિપક્ષ આક્રમક

સંસદના મોનસૂન સત્ર દરમિયાન દરરોજ ભારે હોબાળો અને વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યા છે. સત્ર શરૂ થતાં પહેલાં બુધવારે વિપક્ષી દળોના દિગ્ગજ નેતાઓએ સંસદ સંકુલમાં ગાંધી પ્રતિમાથી મકર દ્વાર સુધી એક વિશાળ માર્ચનું આયોજન કર્યું હતું. આ માર્ચમાં સમાજવાદી પાર્ટીના સાંસદો તેમજ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ મોટા પ્રમાણમાં સામેલ થયા હતા. આ માર્ચના માધ્યમથી વિપક્ષે દેશના યુવાનો અને વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા મહત્ત્વના મુદ્દાઓ પર સરકાર સામે અવાજ બુલંદ કર્યો હતો અને તાત્કાલિક ચર્ચાની માંગ કરી હતી.

## નવું ટેક્સ સુધારા બિલ 2026 લોકસભામાં રજૂ

નવી દિલ્હી

ભારતને વૈશ્વિક રોકાણ, મેન્યુફેક્ચરિંગ અને ડેટા હબ બનાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે નવું ટેક્સ સુધારા બિલ એટલે કે 'ધ ટેક્સેશન એન્ડ અધર લૉઝ સુધારા બિલ, 2026' લાવ્યું છે. લોકસભામાં પસાર થયેલું આ બિલ માત્ર એક કાનૂની સુધારો નથી, પરંતુ દેશમાં વૈદેશિક મૂડી (Foreign Capital) આકર્ષવા, 'મેક ઈન ઈન્ડિયા'ને મજબૂત કરવા અને 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને નવા સ્તરે લઈ જવાનો એક માસ્ટરપ્લાન છે. નાણા મંત્રાલયના દિશા-નિર્દેશો મુજબ, આ બિલ ઈલેક્ટ્રોનિક્સ, ડેટા સેન્ટર, ડાયમંડ ટ્રેડ, ફંડ મેનેજમેન્ટ અને બિઝનેસ ટ્રસ્ટ (REITs/InvITs)માં રોકાણ કરનારા નાના રોકાણકારો માટે ટેક્સના નિયમોને અત્યંત પારદર્શી અને દૂરોગામી બનાવશે.

## સુપ્રીમ કોર્ટને મળશે પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ

નવી દિલ્હી

ભારતને ટૂંક સમયમાં પોતાના ઈતિહાસમાં પહેલીવાર એક મહિલા મુખ્ય ન્યાયાધીશ (CJI) મળવા જઈ રહ્યા છે. રાજ્યસભામાં સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, 2026 પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય કાનૂન મંત્રી અર્જુન રામ મેઘવાલે આ અંગે મહત્વની માહિતી આપી હતી. લોકસભામાં પહેલાથી જ પસાર થઈ ચૂકેલા આ વિધેયક પર ચર્ચા બાદ રાજ્યસભામાં તેને પરત મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. દેશને મળશે પહેલા મહિલા CJI વિપક્ષ દ્વારા મહિલા ન્યાયાધીશોના પ્રતિનિધિત્વ પર ઉઠાવવામાં આવેલા સવાલોનો જવાબ આપતા કાનૂન મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત ટૂંક સમયમાં જ ન્યાયતંત્રના સર્વોચ્ચ પદ પર એક મહિલા ન્યાયાધીશને જોશે. તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં જ ગુજરાત, આંધ્ર પ્રદેશ, મેઘાલય અને પટના હાઈકોર્ટમાં મહિલા મુખ્ય ન્યાયાધીશો સેવા આપી ચૂક્યા છે, જે દેશમાં નારી શક્તિને પ્રોત્સાહન આપવાના સરકારના વિઝનનો એક ભાગ છે. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધીને 38 થઈ સુપ્રીમ કોર્ટમાં કેસોનો ઝડપી નિકાલ લાવવા માટે ન્યાયાધીશોની સંખ્યા 34 થી વધારીને 38 કરવામાં આવી છે. કાનૂન મંત્રીએ જણાવ્યું કે 28 જાન્યુઆરી 1950 ના રોજ જ્યારે સુપ્રીમ કોર્ટની સ્થાપના થઈ ત્યારે માત્ર 8 ન્યાયાધીશો જ હતા.

## UP-ઝારખંડમાં વરસાદ-વીજળી પડવાથી 17નાં મોત

લખનઉ

દેશના ઘણા રાજ્યોમાં સતત થઈ રહેલો વરસાદ હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ઝારખંડમાં મંગળવારે વીજળી પડવાથી 14 લોકોના મોત થયા છે, જ્યારે 8 લોકો ઘાયલ થયા છે. સૌથી વધુ 9 મોત ગિરિડીહ, 3 દુમકા અને 2 લાતેહાર જિલ્લામાં થયા છે. યુપીના મિર્ઝાપુરમાં 3 લોકોનાં જીવ ગયા. બે બાળકોનાં મોત ખાડામાં ડૂબી જવાથી થયા. એક 25 વર્ષના યુવક પર વીજળી પડી. બીજી તરફ કેરળમાં 1 ઓગસ્ટથી સતત વરસાદે અત્યાર સુધીમાં 25 લોકોનો ભોગ લીધો છે, જ્યારે 4 લોકો ગુમ છે. સતત વરસાદ અને પૂરના કારણે હજારો લોકોને ઘર છોડવા પડ્યા છે. કેરળ સરકારના જણાવ્યા અનુસાર, 18 હજારથી વધુ લોકોને રાહત શિબિરોમાં રાખવામાં આવ્યા છે. સૌથી વધુ પ્રભાવિત પથનમથિટ્ટા, કોટ્ટાયમ અને અલપ્પુઝા જિલ્લાઓ છે.

## એક નજર...

### લહેંગામાં ગોર્જિયસ લાગી નેહા શેટ્ટી, તસવીરો થઈ વાયરલ



નેહા શેટ્ટી તાજેતરમાં લેટેસ્ટ ટ્રેડિશનલ લૂકને લીધે સોશિયલ મીડિયા પર છવાયેલી છે. નેહા શેટ્ટીની આ સ્ટાઈલ તમે તમારી સગાઈ કે દાંડીયા ફંકશનમાં કેરી કરી શકો છો.નેહા શેટ્ટીનો લેટેસ્ટ લૂક ટ્રેંડી છે. નેહા શેટ્ટી આ લૂકમાં ખુબજ સુંદર લાગી રહી છે. નેહા શેટ્ટીનો આ લૂક વખાણને પાત્ર છે. નેહા શેટ્ટી સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે.

## NEWS TRACK

### ઝુકરબર્ગે સોશિયલ મીડિયા પર ડીપફેક કન્ટેન્ટ અને અલ્ગોરિધમની ગરબડ મુદ્દે માંગી માફી, મેટાએ ભૂલ સ્વીકારી

મેટા(Meta)ના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર(CEO) માર્ક ઝુકરબર્ગે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર થયેલી ગંભીર ચૂક બદલ સત્તાવાર રીતે માફી માગી છે, અને પોતાની ભૂલો પર ઊંડો અફસોસ વ્યક્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, મેટા પ્લેટફોર્મ્સ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટીરિયલ(CSAM), ડીપફેક ટૅક્નોલૉજીના દુરુપયોગ અને અલ્ગોરિધમ સંચાલનમાં કેટલીક ગંભીર ખામીઓ અને ભૂલો સામે આવી હતી. આ ગરબડ બાદ ઝુકરબર્ગે સ્વીકાર્યું છે કે, કન્ટેન્ટ મોડરેશન અને ડિજિટલ સુરક્ષા જાળવવામાં પ્લેટફોર્મથી ક્ષતિઓ થઈ છે. માર્ક ઝુકરબર્ગે ખાસ કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી અમુક વિવાદિત અને વાંધાજનક વીડિયો હટાવવા, તેમજ કન્ટેન્ટ નિયંત્રણમાં થયેલી ગરબડ અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે આશ્વાસન આપ્યું છે કે, કંપની પોતાના યુઝર્સની સુરક્ષા અને ડિજિટલ કન્ટેન્ટની વિશ્વસનીયતા સુધારવા માટે જરૂરી પગલાં લઈ રહી છે.

### અમેરિકામાં અંગ્રેજી ન બોલી શકતા 28000 થી વધુ ટ્રક ડ્રાઇવરના લાયસન્સ રદ, ભારતીયોને ઝટકો

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે બિન-અમેરિકન અને અપ્રવાસી ટ્રક ડ્રાઈવરો સામે મોટું અને કડક પગલું ભર્યું છે. વાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે મંગળવારે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે અમેરિકામાં 28,000થી વધુ અપ્રવાસી ટ્રક ડ્રાઈવરોના કોમર્શિયલ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે. આ ડ્રાઈવરોની જગ્યાએ હવે અમેરિકન સેનાના નિવૃત્ત જવાનો (પૂર્વ સૈનિકો)ને ટ્રક ડ્રાઈવિંગના ક્ષેત્રમાં લાવવા માટે સરકારે એક ખાસ કાર્યક્રમ પણ શરૂ કર્યો છે. આ સિવાય, રાજ્યો સાથે મળીને અપ્રવાસી ડ્રાઈવરોને મદદ કરતી 9,500 જેટલી ડ્રાઈવિંગ સ્કૂલોને પણ બંધ કરી દેવામાં આવી છે. અમેરિકામાં અપ્રવાસી ટ્રક ડ્રાઈવરો સામે આ કડક કાર્યવાહી ઓગસ્ટ 2025માં ફ્લોરિડામાં થયેલા એક ભીષણ અકસ્માત બાદ શરૂ થઈ હતી. અમેરિકન પરિવહન મંત્રી શોન ડફીએ આ અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, 'ફ્લોરિડા દુર્ઘટના માટે જવાબદાર ભારતીય ડ્રાઈવરને શરૂઆતમાં લાઈસન્સ મળવું જ જોઈતું નહોતું. જે ગેરકાયદેસર અપ્રવાસીઓ અમારી ભાષા બોલી શકતા નથી.

# કાલુપુરનું 'કાળું સામ્રાજ્ય': દારૂ, સટ્ટા અને MD ડ્રગ્સથી કરોડપતિ બનતો વહીવટદાર, CP આ લાંચિયાઓ સામે ક્યારે લેશે પગલાં?

## સવાલો પૂછ્યા તો તંત્રીનો નંબર જ બ્લોક કરી દીધો! કાલુપુર પોલીસ સ્ટેશનમાં PI વાઘેલા અને વહીવટદાર ધવલ જાનીનો ગેરકાયદે ખેલ ખુલ્લો પડ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરનું હૃદય ગણાતો અને વેપારથી સતત ધમધમતો કાલુપુર વિસ્તાર આજે ગેરકાયદે ગુનાખોરી, નશાના કાળા કારોબાર અને સંગઠિત હપ્તાખોરીનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. કાલુપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.આર. વાઘેલા અને તેમના ખાસ કથિત વહીવટદાર ધવલ જાનીની જોડીએ ખાખી વર્દીની આડમાં એવું કાળું નેટવર્ક ગોઠવ્યું છે કે જેનાથી આખા અમદાવાદ પોલીસ કમિશનર કાર્યાલયનું નાક વઢાઈ રહ્યું છે.

સ્થાનિક વેપારીઓ અને નાગરિકો આ જોડીના ત્રાસથી તંગ આવી ગયા છે. પોલીસ સ્ટેશનમાં વારંવાર લેખિત-મૌખિક રજૂઆતો છતાં કાર્યવાહી થતી નથી, ઊલટાનું અસામાજિક પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવનારાઓ પર જ દબાણ લાવવામાં આવે છે. સવાલ એ છે કે કાલુપુરમાં કાલે જો કોઈ મોટો લઠ્ઠાકાંડ કે ગંભીર ગુનાહિત બનાવ બનશે, તો જવાબદાર કોણ? શું પીઆઈ વાઘેલાને અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરાવવામાં રસ નથી કે પછી હપ્તાનો આંકડો એટલો મોટો છે?

### ‘ઉપર સુધી સેટિંગ છે!’: કાલુપુરમાં PI અને વહીવટદારનો ખુલ્લેઆમ હપ્તા ટેક્સ, PCB અને SMC આંખ આડા કાન કરીને કેમ બેઠા છે? કાલુપુરમાં ખાખીના ઓટલે ખૌફનું સામ્રાજ્ય: દારૂ-ડ્રગ્સના કાળા કારોબાર સામે ગૃહમંત્રીનું ‘ઝીરો ટોલરન્સ’ ક્યાં ગાયબ થઈ ગયું?

### દારૂ, વરલી-મટકાથી લઈને ઝેરી MD ડ્રગ્સનો ખુલ્લેઆમ વેપાર

કાલુપુરની સાંકડી ગલીઓમાં કાયદા અને પોલીસનો કોઈ ડર રહ્યો નથી:

અડ્ડાઓ અને જુગાર: દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે અને જાહેર રસ્તાઓ પર ટેબલો લગાવીને વરલી-મટકાનો જુગાર રમાડાઈ રહ્યો છે.

ઝેરી ડ્રગ્સનું નેટવર્ક: યુવા પેઢીને બરબાદ કરતું ઝેરી એમ.ડી. ડ્રગ્સ આસાનીથી ઉપલબ્ધ છે.

દરરોજ લાખોનો હપ્તો: આ કાળા કારોબારમાંથી દરરોજ લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવવામાં આવે છે. પીઆઈ વાઘેલાના આશીર્વાદથી વહીવટદાર ધવલ જાની પોલીસ સ્ટેશન કરતાં પણ વધુ પાવર બતાવીને ‘કાળું રાજ‘ ચલાવી રહ્યો છે.

### ઈમ્પોર્ટેડ ચાઈનીઝ માલ અને ગેરકાયદે મોબાઈલ માર્કેટ પર 'હપ્તા ટેક્સ'

રિલીફ રોડ અને કાલુપુરના ઈલેક્ટ્રોનિક્સ માર્કેટમાં ધવલ જાનીનો હપ્તા ટેક્સ ચાલુ થઈ ગયો છે. બિલ વગર ઈમ્પોર્ટ કરાતા ચાઈનીઝ સામગ્રી પર મંથલી હપ્તા અને ચોરીના સ્માર્ટફોન વેચતા દલાલો પાસેથી ફિક્સ કમિશન ઉઘરાવવામાં આવી રહ્યું છે. આ કાળા વહીવટના જોરે વહીવટદાર ધવલ જાની અલ્પ સમયમાં અનામી-બેનામી મિલકતો વસાવીને કરોડપતિ બની ચૂક્યો છે.

### સટ્ટાબાજો માટે ‘સેફ હેવન’: "ઉપર સુધી સેટિંગ છે!"

ક્રિકેટ મેચના બુકીઓ અને સટ્ટાબાજો માટે કાલુપુર પોલીસ સ્ટેશનની હદ સૌથી સુરક્ષિત સરનામું બની ગઈ છે. એક જાણીતા બુકીના ખુલાસા મુજબ ધવલ જાનીનું સેટિંગ છેક ઉપર સુધી હોવાનો દાવો કરીને કોઈ એજન્સી પગલું ન ભરે તેવું નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે.

### ગૃહ મંત્રીના 'ઝીરો ટોલરન્સ'ની મજાક? તંત્રીનો નંબર જ બ્લોક કરી દીધો!

ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી ગુનાખોરી સામે 'ઝીરો ટોલરન્સ'ની વાતો કરે છે, પરંતુ કાલુપુરમાં પીઆઈ વાઘેલા અને ધવલ જાનીનું સામ્રાજ્ય સરકારની છબી ખરાબ કરી રહ્યું છે. અમદાવાદ વિજિલન્સ વિંગ, પીસીબી, ડીસીપી સ્કવોડ કે એસએમસી (SMC) કેમ અંધ બનીને બેઠી છે?

હદ તો ત્યારે થઈ જ્યારે ‘પાક્કો ગુજરાત ન્યૂઝ‘ ના તંત્રીએ આ હપ્તા રાજ અંગે પૃચ્છા કરવા પીઆઈ વાઘેલાનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પીઆઈ વાઘેલા અને વહીવટદારે ફોન ઉપાડવાના બંધ કરી દીધા અને આખરે તંત્રીનો નંબર જ બ્લોક કરી દીધો! આવા અધિકારીઓ જનતાની સેવા શું કરશે?

### જનતા અને વેપારીઓની કડક માગણી

અમદાવાદના જાગૃત નાગરિકો અને કાલુપુરના પીડિત વેપારીઓ હવે સીધા અમદાવાદ શહેર પોલીસ કમિશનર, ગૃહ મંત્રી અને મુખ્યમંત્રી પાસે ન્યાયની અપીલ કરી રહ્યા છે: કાલુપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.આર. વાઘેલાને તાત્કાલિક સસ્પેન્ડ કરીને બદલી કરવામાં આવે. વહીવટદાર ધવલ જાનીની બેનામી સંપત્તિઓની ઈડી (ED) તથા ઈનકમ ટેક્સ દ્વારા કડક તપાસ કરાવવામાં આવે. સમગ્ર મામલે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરવામાં આવે.

જો આ કાળા કારોબાર સામે તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે, તો ‘પાક્કો ગુજરાત‘ આ કાળા સામ્રાજ્યના વધુ ચોંકાવનારા પુરાવાઓ જનતા અને સરકાર સામે ખુલ્લા પાડવાનું ચાલુ રાખશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## PM મોદીના સપના પર કૌભાંડનું ગ્રહણ

# 43 કરોડના ડાયાલિસિસ મશીન કૌભાંડમાં નિર્દોષ બલીના બકરા બન્યા, પણ આકાઓ સામે સન્નાટો!

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના છેવાડાના અને ગરીબ કિડની ફેલ્યોર દર્દીઓને ઘરઆંગણે જ વિનામૂલ્યે સારવાર મળે તે માટે રાજ્યભરમાં ડાયાલિસિસ સેન્ટરો શરૂ કરવાનું ભવ્ય સપનું જોયું હતું.

પરંતુ રાજ્ય સરકારમાં બેઠેલા કેટલાક ભ્રષ્ટ નેતાઓ, અધિકારીઓ અને વ્યાપારીઓની મિલીભગતે આ માનવતાવાદી યોજના પર કૌભાંડનું કાળું ગ્રહણ લગાડી દીધું છે. તાજેતરમાં વિધાનસભામાં ગાજેલા ૪૩ કરોડના ખર્ચે ૬૦૦ ડાયાલિસિસ મશીનોની ખરીદી કૌભાંડમાં 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ઊંડી તપાસમાં ચોંકાવનારા અને ગંભીર ખુલાસા થયા છે.




### ખરીદી મંત્રી અને સચિવની મંજૂરીથી થઇ, તો ગાજ નાના કર્મચારીઓ પર જ કેમ પડી?

'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની તપાસમાં સામે આવ્યું છે કે: ઉચ્ચ સ્તરીય મંજૂરી: આ ૬૦૦ ડાયાલિસિસ મશીનોની ખરીદી માટે ખુદ તત્કાલીન આરોગ્ય મંત્રી અને આરોગ્ય સચિવે લીલી ઝંડી આપી હતી.

GeM મારફતે પારદર્શક ખરીદી: કિડની હોસ્પિટલે સરકારી GeM (ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ) પોર્ટલ મારફતે રિવર્સ ઓક્શન યોજીને અત્યાર સુધીના સૌથી નીચા અને વાજબી દરે આ મશીનો ખરીદ્યા હતા.

વ્યાપારીઓની અદાવત: આ પારદર્શક ખરીદીથી ટેન્ડર ન મળતાં અસંતોષ ધરાવતા વગદાર વ્યાપારીઓએ સરકાર અને કિડની હોસ્પિટલને બદનામ કરવાનું ગંદુ રાજકારણ શરૂ કર્યું.

મોટા મગરમચ્છો બચી ગયા: કૌભાંડનો હોબાળો શમાવવા સરકારે માત્ર ૪ કરારીયા કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા, પરંતુ જેમના હસ્તાક્ષરથી ખરીદી થઈ તેવા નિર્ણય પ્રક્રિયામાં સંકળાયેલા ઉચ્ચ જવાબદાર અધિકારીઓ સામે કાગળનું પાંદડું પણ હલ્યું નથી! હવે સસ્પેન્ડ કરાયેલા આ કર્મચારીઓ પોતે નિર્દોષ હોવાનું સાબિત કરવા કોર્ટના શરણે ગયા છે, જેથી સિસ્ટમની બલી ચડાવવાની ગંદી નીતિ ખુલ્લી પડી ગઈ છે.

### ગરીબ દર્દીઓ વ્યાજે નાણાં લાવી સારવાર કરાવવા મજબૂર: ગરીબોની હાય કોને લાગશે?

સરકાર અને અધિકારીઓની આ ખેંચતાણ અને કૌભાંડના ડ્રામામાં પીસાઈ રહ્યો છે માત્ર અને માત્ર ગરીબ દર્દી!

ડાયાલિસિસ સેન્ટરો ખોરંભે પડતાં ગરીબ દર્દીઓના ડાયાલિસિસ બંધ થઈ ગયા છે.

અત્યંત લાચાર પરિસ્થિતિમાં સરકારી હોસ્પિટલના ધક્કા ખાતા દર્દીઓ હવે ખાનગી હોસ્પિટલોમાં ઊંચા વ્યાજે નાણાં લઈને ડાયાલિસિસ કરાવવા મજબૂર બન્યા છે.

ગરીબ દર્દીઓની આ આંતરડી કકળાવતી સ્થિતિ જોઈને સવાલ થાય છે કે વડાપ્રધાનના સ્વપ્નને રોળનારા આ ભ્રષ્ટ અધિકારીઓને કોણ છાવરી રહ્યું છે?

શું ઉચ્ચ અધિકારીઓ રાજ્યના મુખ્યમંત્રીને પણ ખુલ્લી ચેલેન્જ આપી રહ્યા છે?

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની સરકાર સમક્ષ આકરી અને તાકીદની માગણીઓ:

1. **હાઈ-લેવલ તપાસ કમિટીની રચના:** આ સમગ્ર ખરીદી પ્રકરણ અને ગરબડ પાછળ કોણ છે તેની તપાસ માટે તાત્કાલિક સ્વતંત્ર તપાસ કમિટી (Judicial / High-Level Committee) ની રચના કરવામાં આવે.
2. **ઉચ્ચ અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી:** માત્ર નાના કર્મચારીઓને બલીના બકરા બનાવવાના બદલે મંજૂરી આપનારા તત્કાલીન મંત્રીઓ અને ઉચ્ચ સચિવો સામે કડક તપાસ કરી કાર્યવાહી થાય.
3. **ડાયાલિસિસ સેવાઓ તાત્કાલિક ચાલુ કરો:** રાજકીય રમત બંધ કરીને તમામ ડાયાલિસિસ સેન્ટરો પૂર્ણ ક્ષમતા સાથે યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવે જેથી દર્દીઓનો જીવ બચાવી શકાય.

**જો સરકાર આ મામલે તાત્કાલિક અને કડક પગલાં નહીં ભરે, તો 'પાક્કો ગુજરાત' ગરીબ દર્દીઓના હક માટે આ કૌભાંડના તમામ પુરાવાઓ જનતા અને અદાલત સમક્ષ ખુલ્લા પાડવાનું ચાલુ રાખશે!**

## ગોમતીપુરમાં બગી સળગાવાની અદાવતમાં હુમલો : 3 ઝડપાયા

અમદાવાદ

અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારમાં અસામાજિક તત્વોના આતંક અને સરેઆમ હુમલાની ઘટનામાં અમદાવાદ પોલીસે મોટી સફળતા મેળવી છે.

ઈસ્માઈલ શેખ નામના યુવક પર ભયાનક હુમલો કરી ફરાર થઈ ગયેલા ત્રણેય આરોપીઓની મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

પકડાયેલા આરોપીઓ અને ફરિયાદી બંને પક્ષો ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ઝડપાયેલા આરોપીઓના નામ: નકીબ સંધિ, ફૈઝાન ઉર્ફે લંબુ, આમિર ઉર્ફે બલ્લા.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ હુમલો કોઈ અચાનક બનેલી ઘટના નથી પરંતુ જૂની ખારસાઈ અને અંગત અદાવતનું પરિણામ છે. ફરિયાદી ઈસ્માઈલ શેખે અગાઉ આરોપી નકીબ સંધિની બગી ગાડી સળગાવી દીધી હતી.

આ બાબતનું મનમાં વેર રાખીને નકીબ સંધિએ તેના સાગરીતો ફૈઝાન ઉર્ફે લંબુ અને આમિર ઉર્ફે બલ્લા સાથે મળીને ઈસ્માઈલ શેખ પર પ્રાણઘાતક હુમલો કર્યો હતો.

## સૈજપુરમાં ગાળો બોલવાની ના પાડતા પથ્થરમારો : ફરિયાદીની દીકરીને કપાળના ભાગે ઈજા

અમદાવાદ

અમદાવાદ શહેરના સૈજપુર વિસ્તારમાં પાટિયાનગરની ચાલીમાં મોડી રાતે કેટલાક લોકોએ ભેગા મળીને પથ્થરમારો કર્યો હતો. ચાલીમાં મોડી રાતે ગાળો બોલી રહેલા શખસોએ ચાલીના લોકોએ રોક્યા હતા. જેથી 8 શખસે મળીને ચાલીના લોકો સાથે મારામારી અને પથ્થરમારો કર્યો હતો. આ બનાવ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સૈજપુરમાં પાટીયાનગરની ચાલીમાં રહેતા પિનાકીન જાદવે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. 4 ઓગસ્ટના રાતના સમયે તેઓ ઘરે હતા. 11 વાગ્યાની આસપાસ ચાલીમાંથી અવાજ આવતા તેમણે ઘરની નીચે જોયું તો કેટલાક લોકોનું ટોળું ઊભું હતું. ટોળામાંથી કેટલાક શખસ ગાળો બોલી રહ્યા હતા. ગાળો બોલી રહેલા લોકોને પિનાકીન ભાઈએ ગાળો બોલવાની ના પાડી તો ટોળામાંથી કેટલાક શખસ ઉશ્કેરાઈ ગયા અને ઝપાઝપી કરવા લાગ્યા હતા.

આ દરમિયાન ચાલીના માણસો પણ ભેગા થયા તો તેમની સાથે પણ ઝઘડો કરવા લાગ્યા હતા.

## અમદાવાદમાં 1.56 કરોડની હાઈટેક ઠગાઈનો માસ્ટરમાઈન્ડ સુરતથી ઝડપાયો

અમદાવાદ

અમદાવાદ શહેરની જાણીતી 'ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજી લિમિટેડ' નામની આઈટી કંપની સાથે રૂ. ૧.૫૬ કરોડથી વધુની ઉચાપત આચરનાર મુખ્ય માસ્ટરમાઈન્ડ નિખિલ ખલાસને એલિસબ્રિજ પોલીસ અને LCB ઝોન-૭ ની સંયુક્ત ટીમે સુરત ખાતેથી દબોચી લીધો છે.

ઝડપાયેલો આરોપી નિખિલ ખલાસ કંપનીમાં 'હેડ ઓફ સપોર્ટ બીડિંગ ડીવીઝન' તરીકે જવાબદારી સંભાળતો હતો. આરોપીએ પોતાની પાસે રહેલા એડમિન રાઈટ્સનો ગેરફાયદો ઉઠાવીને ટેકનિકલ હેરાફેરી આચરી હતી. તેણે સીસ્ટમમાં મૂળ બીડર એકાઉન્ટની જગ્યાએ પોતાના તથા પોતાના મળતિયાઓના બેંક એકાઉન્ટ ઉમેરી દીધા હતા. આ હાઈટેક મોડસ ઓપરેન્ડી દ્વારા આરોપીએ કુલ ૧,૫૬,૬૫,૨૧૧ ની ગંભીર ઉચાપત કરી કંપનીને કરોડોનો ચૂનો ચોંટાડ્યો હતો.

આરોપી પોતે ટેકનોલોજીનો નિષ્ણાત હોવાથી પોલીસ પકડથી બચવા માટે સતત પોતાની ડિજિટલ ઓળખ છુપાવતો હતો.

## કપડવંજ તાલુકાના ઘડિયા ગામના મુરાવત ફળિયામાં આંગણવાડી સામે કચરાના ઢગલાથી સ્થાનિકોમાં રોષ

ઘડિયા, દિપક પરમાર

કપડવંજ તાલુકાના ઘડિયા ગામના મુરાવત ફળિયામાં આવેલી આંગણવાડીની સામે લાંબા સમયથી કચરાનો ઢગલો પડ્યો હોવાથી આસપાસના રહેવાસીઓ તેમજ વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આંગણવાડીમાં નાના બાળકો અભ્યાસ અને પોષણ માટે આવતા હોવાથી કચરામાંથી ફેલાતી દુર્ગંધ અને મચ્છર-માખીઓના ઉપદ્રવને કારણે બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વારંવાર રજૂઆત કરવા છતાં કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી. ચોમાસાની ઋતુમાં કચરો વધુ સડી જતાં દુર્ગંધ ફેલાય છે અને ચેપી રોગો ફેલાવાની પણ શક્યતા વધી ગઈ છે.

## છોટાઉદેપુર જિલ્લા સંખેડા તાલુકાના રણછોડપુરા ગામેથી 9 જુગારીયા ઝડપાયા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝભાઈ શેખ દ્વારા સૂચના અને માર્ગ દર્શન મળ્યું હોય કે જિલ્લામાં જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો પર કાર્યવાહી કરવામાં આવે અને પગલાં ભરવામાં આવે જેમકે પોલીસ તંત્ર અને અધિકારીઓ કાર્યવાહી કરી રહ્યા છે જે અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના સંખેડાના રણછોડપુરા ગામેથી છોટાઉદેપુર એલસીબી પોલીસે પાના પત્તાનો જુગાર રમતા 9 જુગારીયાઓને ઝડપી લીધા છે

અત્રે ઉલ્લેખનીય છે કે સંખેડા રણછોડપુરા ગામે જુગારીયાઓ એક મકાન પાસે રમતા હતા જુગાર જેઓને છોટાઉદેપુર એલસીબી પોલીસે 9 જુગારીયાઓને પત્તા પાના અને પૈસા સાથે રંગે હાથે જુગાર રમતા ઝડપી પાડ્યા છે 9 જુગારીયાઓ પાસેથી અંગજડતીમા પોલીસે 69000 હજારથી વધુનો મુદ્દામાલ ઝડપ્યો. છોટાઉદેપુર એલસીબીએ જુગારીયાઓ સામે સંખેડા પોલીસ

## ઓવરલોડિંગ અને ખરાબ રસ્તાએ બેનો ભોગ લીધો

# ગાંધીનગરના પીંડારડા પાસે આઈશર ટ્રક રિક્ષા પર પલટી મારતાં બેના મોત

ગાંધીનગર

ગાંધીનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર સર્જાતા માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધુ એક રક્તરંજિત ઘટના ઉમેરાઈ છે. ગાંધીનગર નજીક આવેલા પીડારડા ગામ પાસે લોખંડના ભારેખમ એંગલોથી ઓવરલોડેડ આઈસર ટ્રક ઢોળાવ પરથી પલટી મારીને મુસાફરો ભરેલી રિક્ષા પર પલટી મારી ગઈ હતી. આ કરુણ અકસ્માતમાં રિક્ષામાં સવાર બે નિર્દોષ લોકોના ઘટનાસ્થળે જ કચડાઈ જવાથી કરુણ મોત નીપજ્યા છે. જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, લોખંડના ભારે એંગલો ભરીને પુરઝડપે જઈ રહેલી આઈશર ટ્રક પીડારડા ગામ નજીકના ઢોળાવવાળા રસ્તા પરથી પસાર થઈ રહી હતી. તે સમયે વાહનમાં ક્ષમતા કરતાં વધુ પ્રમાણમાં ભરેલા માલ-સામાનના કારણે ટ્રકનું સંતુલન ખોવાઈ ગયું હતું. ઢોળાવ પર ટ્રક એકાએક નમી પડતાં બાજુમાંથી પસાર થઈ રહેલી રિક્ષા પર



ધડાકાભેર પલટી મારી ગઈ હતી. અચાનક રિક્ષા પર ભારે લોખંડના એંગલો સાથે આખો ટ્રક ખાબકતાં રિક્ષાનો ભુક્કો બોલી ગયો હતો અને તેમાં બેઠેલા મુસાફરો દબાઈને મોતને ભેટ્યા હતા. આ ઘટના બનતા જ આસપાસના સ્થાનિક લોકો અને વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા. બનાવ અંગે તુરંત જ 108 એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી એક વ્યક્તિને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

ઘટનાની જાણ થતાં જ પેથાપુર પોલીસ મથકનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપીને ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી. આ અકસ્માતે ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં કથળતી જતી ટ્રાફિક વ્યવસ્થા અને રસ્તાઓની બિસ્માર હાલત સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## મેઘરાજાનો કહેર: ડભોઇના 17 ગામોમાં જળબંબાકાર

# 2000 વીઘામાં ડાંગરનો પાક ધોવાઇ જવાની ભીતિથી ખેડૂતો પાયમાલીના આરે!

ડભોઇ

ડભોઇ તાલુકામાં પહેલાં વરસાદ ખેંચાતાં જે ખેડૂતો ચાતક ડોકે મેઘરાજાની વાટ જોઈ રહ્યા હતા, તે જ વરસાદે હવે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં જગતના તાતના મોંઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની ભયાનક સ્થિતિ સર્જાઈ છે. વરસાદ થંભી ગયાને દિવસો વીતી ગયા હોવા છતાં, ડભોઇ તાલુકાના નીચાણવાળા અને નદી કાંઠાના વિસ્તારો હજુ પણ જળબંબાકાર છે અને ખેતરો સંપૂર્ણપણે બેટમાં ફેરવાયેલા છે. હજારો વીઘામાં વાવેલો ડાંગર અને શાકભાજીનો પાક પાણીમાં ગરકાવ થઈ જતાં ખેડૂતો ભારે ચિંતાતુર બન્યા છે. મુખ્યત્વે ઢાઢર નદીના કિનારે આવેલા આશરે 17 જેટલા ગામોમાં પૂરના અને વરસાદી પાણી ફરી વળ્યા છે. વરસાદ બંધ થયા પછી પણ નદી કાંઠાના આ ગામોમાં પાણી હજુ સુધી ઓસરવાનું નામ લેતા નથી. ખેતરોમાં ઘૂંટણસમા પાણી ભરાયેલા રહેતાં ડાંગરનો ઊભો પાક અને શાકભાજી વ્યાપક પ્રમાણમાં ક્ષતિગ્રસ્ત થયા છે: 2000 વીઘામાં ડાંગર રોટાઈ જવાનો ભય: ડભોઇ તાલુકામાં આશરે 2000 વીઘા જેટલી જમીનમાં ડાંગરનું વાવેતર થયું છે. ડાંગરને શરૂઆતમાં પાણીની જરૂર હોય છે,



પરંતુ જો દિવસો સુધી પાક પાણીમાં ડૂબેલો રહે તો તેનો છોડ મૂળમાંથી સડી જાય છે. ખેતરોમાંથી પાણીના નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ખેડૂતો ભારે મુંઝવણમાં મુકાયા છે.

'પહેલાં વરસાદ આવતો નહોતો એટલે બૂમો હતી, અને હવે જ્યારે મેઘરાજા આવ્યા ત્યારે કહેર બનીને તૂટી પડ્યા છે,' તેવો આક્રોશ સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે. ખાતર, મોંઘા બિયારણ અને મજૂરીનો ભારે ખર્ચ કર્યા બાદ હવે સંપૂર્ણ પાક નિષ્ફળ જવાની આરે પહોંચતા ખેડૂતો પર આર્થિક સંકટના વાદળો ઘેરાયા છે.

# સાવધાન વાહનચાલકો: સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ – વીમો નહીં હોય તો હવે પેટ્રોલ-ડીઝલ પણ નહીં મળે!

### પેટ્રોલ પંપ પર વાહનમાં ઈંધણ પુરાવતી વખતે જ વાહનનો વીમો માન્ય છે કે નહીં તેની ચકાસણી કરવા માટે ખાસ હાઈટેક સિસ્ટમ ઊભી કરવામાં આવશે

ગાંધીનગર

દેશભરમાં રોડ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને પીડિતોને આર્થિક સુરક્ષા પૂરી પાડવાના હેતુથી સુપ્રીમ કોર્ટે વીમા વગરના વાહનો સામે લાલ આંખ કરીને એક અતિ મહત્વનો અને કડક નિર્ણય સંભળાવ્યો છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં નિર્દેશ આપ્યા છે કે થર્ડ પાર્ટી વીમો (Third-Party Insurance) ન ધરાવતા વાહનોને હવેથી પેટ્રોલ પંપ પર ઈંધણ આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDAI) તેમજ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને આ આદેશના અમલીકરણ માટે તાત્કાલિક પગલાં લેવા જણાવાયું છે. કોર્ટે સમગ્ર દેશમાં આ માટે એક રાષ્ટ્રવ્યાપી 'પાઈલટ પ્રોજેક્ટ' લોન્ચ કરવા માટેની મહત્વપૂર્ણ સૂચના આપી છે. પેટ્રોલ પંપ પર વાહનમાં ઈંધણ પુરાવતી વખતે જ વાહનનો વીમો માન્ય છે કે નહીં તેની ચકાસણી કરવા માટે ખાસ હાઈટેક સિસ્ટમ ઊભી કરવામાં આવશે: ANPR કેમેરાનો ઉપયોગ: પેટ્રોલ પંપ પર ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) કેમેરા લગાવવામાં આવશે, જે વાહનનો નંબર સ્કેન કરીને રીઅલ-ટાઈમ વીમા સ્ટેટસ ચકાસશે. ડિજિટલ વેરિફિકેશન સિસ્ટમ: કેન્દ્ર સરકાર અને IRDAI ને વીમાની ત્વરિત અને ચોક્કસ ચકાસણી થઈ શકે તેવી નવી ડિજિટલ વ્યવસ્થા વિકસાવવા માટેનો આદેશ અપાયો છે. દેશમાં દર વર્ષે હજારો વાહનો થર્ડ પાર્ટી વીમા વગર જ રોડ પર દોડે છે, જેના કારણે અકસ્માત સમયે પીડિતોને યોગ્ય વળતર મેળવવામાં ભારે મુશ્કેલી પડે છે.

સુપ્રીમ કોર્ટના આ કડક વલણથી હવે દરેક વાહનચાલકે પોતાના વાહનોનો વીમો રિન્યુ કરાવવો ફરજિયાત બની જશે. જો તમારી પાસે વેલિડ ઈન્સ્યોરન્સ નહીં હોય, તો આગામી દિવસોમાં તમારા વાહનમાં એક લીટર પેટ્રોલ કે ડીઝલ પુરાવવું પણ અશક્ય બની જશે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 06 ઓગસ્ટ 2026 | અમદાવાદ

GIDCમાં કરોડોના કૌભાંડ પર સુપ્રીમ કોર્ટની લાલ આંખ

# શક્તિસિંહ ગોહિલના ભાજપ સરકાર અને ભ્રષ્ટ અધિકારીઓ પર તીખા પ્રહારો!

**■ દોષિત અધિકારીઓ સામે કડક પગલાં: હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે જ્યારે અધિકારીઓના ભ્રષ્ટ વહીવટ સામે આકરા પ્રહારો કર્યા છે, તો સરકાર તેમની સામે કાયદેસરની કાર્યવાહી કેમ કરતી નથી?**

ગાંધીનગર

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC) માં ચાલતા કથિત ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગ અંગે નામદાર સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખતાં એક અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે અખબારીયાદી જારી કરીને ભાજપ સરકાર અને જીઆઈડીસીના અધિકારીઓ સામે ઘાતક સવાલો ઉઠાવ્યા છે. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે ભાજપ સરકારે જાહેર સાહસોને જનસેવાના બદલે 'જથ્થાબંધ ભ્રષ્ટાચાર'નું પ્લેટફોર્મ બનાવી દીધું છે. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલી સરીગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના કરોડો રૂપિયાના ૨૦ ઔદ્યોગિક પ્લોટોને ખેતીની નજીવી કિંમતની જમીન સામે અદલા-બદલ (ટ્રાન્સફર)



કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) બાદ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે અધિકારીઓના આ નિર્ણયને 'ભ્રષ્ટ અને સત્તાનો દુરુપયોગ' (Malafide) ગણાવીને રદ કર્યો હતો. હવે સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના આ ઓબ્ઝર્વેશન અને સ્ટ્રિક્ચરને પુનઃ નોંધીને અધિકારીઓની મિલીભગત ખુલ્લી પાડી છે. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના કડક વલણ છતાં ભ્રષ્ટ અધિકારીઓએ અરજદારને વળતર આપવામાં પણ મોટો ગફલો કર્યો હતો. જૂના અને નવા કાયદાની ખોટી ગણતરીઓ કરીને કરોડો રૂપિયાનું વ્યાજ અને વળતર મળીને ૩૦ કરોડથી વધુ રકમ ચૂકવવાનો પ્રયાસ થયો હતો.

પરંતુ સુપ્રીમ કોર્ટે આ તમામ કોશિશ નાકામ બનાવીને સ્પષ્ટ કર્યું છે કે અરજદારને માત્ર ૧ કરોડ ૧૭ લાખ ૧૬ હજાર ૯૦ જ મળવા પાત્ર થાય છે.

કોંગ્રેસ પક્ષની સરકાર સમક્ષ ૫ મુખ્ય કડક માગણીઓ: ૧. દોષિત અધિકારીઓ સામે કડક પગલાં: હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે જ્યારે અધિકારીઓના ભ્રષ્ટ વહીવટ સામે આકરા પ્રહારો કર્યા છે, તો સરકાર તેમની સામે કાયદેસરની કાર્યવાહી કેમ કરતી નથી?

૨. જ્યુડિશિયલ કમિશનની રચના: GIDC ની વારંવાર બદલાતી નીતિઓ અને માનીતાઓને ફાયદો કરાવવાની પદ્ધતિની તપાસ માટે જ્યુડિશિયલ કમિશન નીમવામાં આવે.

૩. હરાજી વગર પ્લોટ ફાળવણી કેમ? સુપ્રીમ કોર્ટના સ્પેક્ટ્રમ કેસના આદેશ મુજબ કોઈપણ જમીન હરાજી વગર આપી શકાતી નથી, છતાં જીઆઈડીસીએ અરજીઓ વગર બેઠા દરે પ્લોટ શા માટે ફાળવ્યા?

૪. ED અને CBI તપાસ: જીઆઈડીસીમાં મની લોન્ડરિંગના કેસ દાખલ કરીને ઈડી (ED) ની તપાસ કરાવવામાં આવે.

૫. નિયામક મંડળની સંપત્તિની તપાસ: જીઆઈડીસીના નિયામક મંડળના સભ્યોની મિલકતોની તપાસ ED, ઈન્કમટેક્ષ અને CBI દ્વારા સંયુક્ત રીતે કરીને અહેવાલ જાહેર કરવામાં આવે.

શક્તિસિંહ ગોહિલે અંતમાં જણાવ્યું હતું કે નાના અને સ્થાનિક ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે બનેલી જીઆઈડીસીમાં ભાજપ સરકારના શાસનમાં માત્ર ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, જેનો સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી પર્દાફાશ થયો છે.

## દાંતા તાલુકામાં રાજકીય વિવાદે મોટું સ્વરૂપ લીધું, ગ્રામીણોએ ભાજપ હાય હાયના નારા લગાવ્યા

### લોકોએ દૂધ રસ્તા ઉપર ઢોળી ડેરીનાં ડિરેક્ટરનો વિરોધ નોંધાવ્યો

દાંતા

દાંતા તાલુકાના વશી ગામમાં ડેરી બંધ મુદ્દે રાજકીય વિવાદ બુધવારે સાંજે સામે આવ્યો હતો, જેમાં વસી દૂધ મંડળીમા દૂધ ભરાવવા સાંજે ગ્રાહકો આવતા બનાસ ડેરી દ્વારા આ ડેરી ખોલવામાં આવી હતી નહીં, મળતી માહિતી પ્રમાણે ચૂંટણીની અદાવત રાખીને વસી દૂધ મંડળી બંધ કરાવાઈ હોવાના ગંભીર આક્ષેપ ગ્રામજનોએ કર્યા છે. ગામની દૂધ મંડળીમાં દરરોજ 5 હજાર લિટરથી વધુ દૂધની આવક થતી હતી. મહિલાઓએ છાજીયા લીધા હતા અને અમરતજી ઠાકોર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. હજુસુધી અમરતજી ઠાકોર તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

દાંતા બેઠકના બનાસ ડેરી ડિરેક્ટર અમરતજી ઠાકોર સામે ગ્રામજનોએ લગાવ્યા ગંભીર આક્ષેપ કર્યા હતા.થોડા મહિના પહેલા તાલુકા પંચાયતની વસી બેઠક કોંગ્રેસના ફાળે જતાં રાજકીય વેરઝેરમાં કાર્યવાહી કરાઈ હોવાનો આક્ષેપ કરવામાં



આવી રહ્યો છે.તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણી દરમિયાન ભાજપને મત અપાવવા દબાણ કરાયું હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો.આખા ગામથી કોંગ્રેસની સીટ આવતાં ડેરી બંધ કરાવાઈ હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે.

પ્રશિક્ષિત કાર્યકર્તા અને મજબૂત સંગઠન જ ભાજપની ખરી શક્તિ

## કલોલ ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલની ઉપસ્થિતિમાં યોજાઇ વિશેષ કાર્યશાળા

કલોલ

ભારતીય જનતા પાર્ટીના 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન' અંતર્ગત આજે કલોલ ખાતે જિલ્લા અને મહાનગર પ્રશિક્ષણ વર્ગ સંદર્ભે એક અતિ મહત્વપૂર્ણ 'પ્રશિક્ષક પ્રશિક્ષણ કાર્યશાળા' તથા આયોજન બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ પંચાલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત તમામ પ્રશિક્ષકો અને હોદ્દેદારો સાથે સંવાદ સાધીને સંગઠનને વધુ વેગવંતું બનાવવા સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠક દરમિયાન વક્તવ્ય આપતાં અને વક્તાઓ સાથે સંવાદ કરતાં પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીમાં કાર્યકર્તા નિર્માણ અને તેને સતત વૈચારિક તથા સંગઠનાત્મક



પ્રશિક્ષણ આપવું એ પક્ષની કાર્યપદ્ધતિનું અવિભાજ્ય અંગ છે. ભાજપ માત્ર એક રાજકીય પક્ષ નથી, પરંતુ રાષ્ટ્રનિર્માણનું એક મોટું માધ્યમ છે. સતત પ્રશિક્ષણથી કાર્યકર્તાઓમાં સેવા, સમર્પણ અને 'રાષ્ટ્ર પ્રથમ' (Nation First) નો સંકલ્પ વધુ દ્રઢ અને મજબૂત બને છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદ અને અંત્યોદયના વિચારને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે આ પ્રશિક્ષણ મહાઅભિયાન અત્યંત કારગર સાબિત થઈ રહ્યું છે. કલોલ ખાતે યોજાયેલી આ કાર્યશાળામાં નીચે મુજબના મુખ્ય વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો: બૂથ સ્તર સુધીના કાર્યકર્તાઓને પક્ષની નીતિઓ, વિચારધારા અને કલ્યાણકારી યોજનાઓથી સજ્જ કરવા. આગામી કાર્યક્રમો અને સંગઠનાત્મક લક્ષ્યોને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે સુદ્રઢ આયોજન. કેન્દ્ર અને રાજ્ય સરકારની ગરીબ કલ્યાણકારી યોજનાઓના લાભો જન-જન સુધી પહોંચાડવા માટે કાર્યકર્તાઓને માર્ગદર્શન. આ કાર્યશાળામાં જિલ્લા અને મહાનગરના વરિષ્ઠ આગેવાનો, પ્રશિક્ષકો અને ભાજપના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરામાં કાળજું કંપાવનારી દુર્ઘટના: રમતા માસૂમ બાળક પર ડોક્ટરની કાર ફરી વળી

વડોદરા

વડોદરા શહેરમાંથી એક અત્યંત કાળજું કંપાવનારી અને આઘાતજનક ઘટના સામે આવી છે. ઘર આંગણે રમી રહેલા એક અબુધ અને માસૂમ બાળક પર એક ડોક્ટરની કાર ફરી વળતાં બાળકનું સ્થળ પર જ કે સારવાર દરમિયાન અત્યંત કરુણ મોત નિપજ્યું છે. કારના ટાયર નીચે આવી જવાથી બાળકના માથાના ભાગે ગંભીર અને પ્રાણઘાતક ઈજાઓ પહોંચી હતી. આ ભયાનક અકસ્માતને પગલે બાળકના પરિવારમાં અરેરાટી સાથે ભારે કરુણાંતિકા છવાઈ ગઈ છે. મળતી માહિતી મુજબ, કાર ચલાવી રહેલા મહિલા ડોક્ટર ગુડિયાએ અસાવધાનીપૂર્વક અને બેદરકારીથી કાર હંકારીને રમતા બાળકને અડફેટે લીધું હતું. અકસ્માત એટલો સર્જિકલ અને ભયાનક હતો કે બાળકે તડફડીને દમ તોડી દીધો હતો. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પરિસરમાં ભારે અફરાતફરી તેમજ આક્રોશનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતક બાળકના પરિવારજનોની ફરિયાદના આધારે ડોક્ટર ગુડિયા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક જવાબદાર તબીબ હોવા છતાં આવી ગંભીર બેદરકારી દાખવવા બદલ સ્થાનિકો અને પ્રજાજનો ડોક્ટર સામે આકરામાં આકરી કાનૂની કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે. પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત સર્જનાર કાર કબજે લીધી છે.


## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027 માટે ગુજરાત સરકારનો મેગા પ્લાન

### રોકાણકારોને આકર્ષવા CM અમેરિકા-કેનેડા, હર્ષ સંઘવી જાપાન-યુરોપના પ્રવાસે જશે

ગાંધીનગર

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027ને અભૂતપૂર્વ અને ભવ્ય બનાવવા માટે રાજ્ય સરકારે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગુજરાતમાં વધુને વધુ વૈશ્વિક રોકાણ આકર્ષવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ આગામી 17 ઓગસ્ટથી વિદેશ પ્રવાસે જશે. મુખ્યમંત્રી અમેરિકા અને કેનેડાના પ્રવાસ દરમિયાન વિવિધ દેશોના રોકાણકારો, ઉદ્યોગપતિઓ અને બિઝનેસ પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી ગુજરાતમાં રોકાણની તકો અંગે ચર્ચા કરશે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027 માટે વૈશ્વિક સ્તરે રોકાણકારોને આકર્ષવા રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ દેશોમાં



બિઝનેસ રોડ શો અને રોકાણકાર બેઠકોનું આયોજન કરવામાં આવશે. CM ભૂપેન્દ્ર પટેલનો વિદેશ પ્રવાસ આશરે 10 દિવસનો રહેવાની શક્યતા છે. અમેરિકા અને કેનેડા બાદ રાજ્ય સરકારના અન્ય પ્રતિનિધિમંડળો પણ વિવિધ દેશોમાં જઈને ગુજરાતની ઔદ્યોગિક નીતિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, ગ્રીન એનર્જી અને રોકાણની તકો અંગે પ્રેઝન્ટેશન કરશે.

આ તરફ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાની હેઠળનું પ્રતિનિધિમંડળ જાપાન અને યુરોપના દેશોમાં પ્રવાસ કરીને સંભવિત રોકાણકારો અને ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજશે. આ પ્રવાસોનો મુખ્ય હેતુ ગુજરાતમાં નવા અને મોટા પાયે રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું અને આગામી વાયબ્રન્ટ સમિટમાં મહત્ત્વના વૈશ્વિક રોકાણકારોની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે.

ખેડા-નડીયાદ ક્રાઇમ બ્રાન્ચનું મોટું ઓપરેશન

## સેવાલીયા નજીક અંગાડી પહાડીયામાંથી 250 કિલો ગૌમાંસ સાથે 7 આરોપીઓ ઝડપાયા

ખેડા

ખેડા જિલ્લાના સેવાલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગળતેશ્વર તાલુકાના અંગાડી પહાડીયા ગામમાં ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ગેરકાયદેસર રીતે ચાલતા ગૌવંશ કતલખાનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી આશરે ૨૫૦ કિલો જેટલું ગૌમાંસ તથા ગૌમાંસ



કાપવા માટે ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનો જપ્ત કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડા દરમ્યાન કતલના કારસામાં સામેલ કુલ સાત આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે: યુસુફ મંહમદભાઈ કુરેશી (બેલીમ), ફઝલ યુસુફભાઈ કુરેશી, યુનુસ મંહમદભાઈ કુરેશી, ઈકબાલ મંહમદભાઈ કુરેશી, મોહંમદસકલેન યુનુશભાઈ કુરેશી, સિંકદર ઈસામમીંયા શેખ, એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર (સગીર), એક નાસતો ફરતો આરોપી શોધામાં, પોલીસે તપાસ તેજ કરી. આ ગુનામાં સંકળાયેલો અન્ય એક આરોપી મોહંમદફેજાન યુસુફભાઈ કુરેશી દરોડા સમયે ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેની સામે ગુનો નોંધીને તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. સેવાલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી છે.

પીડીપીયુથી ભાઇજીપુરા સુધી રખડતા ઢોરનો ત્રાસ

## ગાંધીનગરના પ્રથમ આઇકોનિક રોડ અને મેયરના વોર્ડમાં જ ગેરકાયદે પાર્કિંગ અને દબાણો

ગાંધીનગર

ગાંધીનગર શહેરને સ્માર્ટ અને આધુનિક લુક આપવા માટે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલો ભાઈજીપુરાથી પીડીપીયુ સુધીનો શહેરનો પ્રથમ આઈકોનિક રોડ હાલમાં તંત્રની વ્હાલા દવલાની નીતિના લીધે આફતરૂપ બની ગયો છે. જે માર્ગને મોડેલ રોડ તરીકે વિકસાવવામાં આવ્યો હતો તે જ માર્ગ આજે રખડતા પશુઓ માટે આશીર્વાદરૂપ અને સામાન્ય વાહનચાલકો માટે અકસ્માતનું ઘર બની ચૂક્યો છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી.

ગાંધીનગર મેયરના વોર્ડમાં ગેરકાયદેસર દબાણો, આડેધડ પાર્કિંગ, રખડતા ઢોરોનો ત્રાસ દિનપ્રતિદિન માઝા મૂકી રહ્યો છતાં મનપા તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ભાઈજીપુરાથી પીડિપીયુ રોડ પર કરોડો રૂપિયાનું આંધણ કરીને બનાવવામાં આવેલ પ્રથમ આઈકોનિક રોડ પર માત્ર રખડતા ઢોર જ નહીં પરંતુ આડેધડ વાહનોનું પાર્કિંગ અને રસ્તાની બંને બાજુ થતા ગેરકાયદે દબાણોએ પણ ભારે માથાનો દુખાવો ઊભો કર્યો છે. અહીં સાયકલ ટ્રેક અને ફૂટપાથ પર દબાણો થઈ જતાં પગપાળા ચાલનારાઓ અને સાયકલ ચાલકો માટે રસ્તા પરથી પસાર થવું જોખમી બની ગયું છે. જેથી સ્થાનિક રહીશો અને વાહનચાલકો સતત અકસ્માતના ભય નીચે જીવી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે મનપાનું એસ્ટેટ વિભાગ માત્ર કુડાસણ અને રિલાયન્સ ચોકડી જેવા ચોક્કસ વિસ્તારોમાં જ આંટાફેરા મારીને કામગીરી બતાવી વાહવાહ લૂંટવામાં મશગૂલ છે.

મોટી હોનારત પહેલાં ભ્રષ્ટ તંત્ર ક્યારે જાગશે?

## ડભોઇના ગોજાલી ઓવરબ્રિજમાં મોટું ગાબડું: લોલમલોલ કામગીરીથી હજારો જીવ જોખમમાં

ડભોઇ

ડભોઇ તાલુકામાંથી પસાર થતાં અને ડભોઇ-વાઘોડિયા મુખ્ય માર્ગને જોડતાં અતિ મહત્વના ગોજાલી ઓવરબ્રિજ પરથી પસાર થતાં હજારો વાહનચાલકો તેમજ શાળા-કોલેજે જતા નિર્દોષ વિદ્યાર્થીઓ માટે હાલ ભારે ભયનું વાતાવરણ સર્જાયું છે. માત્ર બે વર્ષ પહેલાં જ કરોડો રૂપિયાના અંદાજિત ખર્ચે નિર્માણ પામેલા આ ઓવરબ્રિજનો એક ભાગ અચાનક નીચે બેસી જતાં તંત્રની નબળી કામગીરી, અધિકારીઓની બેદરકારી અને કોન્ટ્રાક્ટરની લોલમલોલ છતી થઈ ગઈ છે. કોઈ મોટી દુર્ઘટના કે માનવસર્જિત હોનારત સર્જાય તે પહેલાં માર્ગ અને મકાન વિભાગ જાગશે કે



કેમ, તે હાલ લોકમુખે ચર્ચાતો સૌથી મોટો સવાલ બની ગયો છે.

ગોજાલી ઓવરબ્રિજનું નિર્માણ થયાને હજુ માંડ બે વર્ષ જેટલો અલ્પ સમય વીત્યો છે, ત્યાં જ બ્રિજનો ચોક્કસ ભાગ બેસી જતાં સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશો અને અગ્રણીઓના જણાવ્યા અનુસાર આ પરિસ્થિતિ પાછળ બે મુખ્ય કારણો જવાબદાર છે: બ્રિજના નિર્માણ સમયે હલકી કક્ષાનું અને ગુણવત્તા વગરનું નબળું મટીરિયલ વાપરવામાં આવ્યું હતું, જેના કારણે આટલા ટૂંકા સમયમાં કરોડોનો બ્રિજ ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે. નિર્માણ કાર્ય ચાલતું હતું તે સમયે તેમજ કામ પૂર્ણ થયા બાદ પણ જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય સ્થળ મુલાકાત (વિઝિટ) કે ક્વાલિટી ચેકિંગ (ગુણવત્તા ચકાસણી) કરવામાં આવી ન હતી. અધિકારીઓની આ નિષ્ક્રિયતાને કારણે કોન્ટ્રાક્ટરને ભ્રષ્ટાચાર કરવાનો ખુલ્લો દોર મળી ગયો.

આ ઓવરબ્રિજ ડભોઈથી વાઘોડિયાને જોડતો અતિ મહત્વનો મુખ્ય માર્ગ છે.

ગુજરાત સરકારે જનઆરોગ્યને ધ્યાને રાખીને મહત્ત્વનો નિર્ણય લીધો

## રાજ્યમાં એનાલોગ ડેરી પ્રોડક્ટ્સ પર આજથી સંપૂર્ણ પ્રતિબંધ, વિતરણ-ઉત્પાદન કરનાર સામે થશે કાર્યવાહી

અમદાવાદ

ગુજરાતમાં લોકોની સ્વાસ્થ્ય સુરક્ષાને પ્રાથમિકતા આપતાં રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલ 6 ઑગસ્ટથી સમગ્ર રાજ્યમાં એનાલોગ ડેરી પ્રોડક્ટ્સ જેવી કે એનાલોગ પનીર, ચીઝ અને બટરના ઉત્પાદન, વેચાણ તેમજ વિતરણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસરિયાએ આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં એનાલોગ ડેરી પ્રોડક્ટ્સના વિતરણ અને ઉત્પાદન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નાગરિકોના આરોગ્ય




સાથે થતાં કોઈપણ પ્રકારના ચેડાં ચલાવી લેવાશે નહીં

હાલ સોશિયલ મીડિયા પર ★analogpaneer અને ★gujarat જેવા હેશટેગ ટ્રેન્ડ થઈ રહ્યા છે. લોકોમાં ભારે આક્રોશ છે.

જો સરકાર અને તંત્ર સમયસર જાગીને ગુજરાતમાં 'એનાલોગ પનીર'ના વેચાણ અને ઉત્પાદન પર કાયમી પ્રતિબંધ નહીં મૂકે, તો આગામી દિવસોમાં ગુજરાતનું જનઆરોગ્ય મોટાસંકટમાં મુકાશે. હવે જોવાનું એ રહેશે કે ભ્રષ્ટ તંત્ર ક્યારે જાગે છે અને જનતાના પેટમાં પીરસાઈ રહેલા આ ઝેર પર ક્યારે રોક લગાવે છે!

એનાલોગ ડેરી પ્રોડક્ટ્સમાં દૂધના કુદરતી ફેટના બદલે વનસ્પતિ તેલ કે અન્ય પ્રોસેસ્ડ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવતો હોય છે, જે લાંબા ગાળે માનવ શરીર અને સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. ભેળસેળયુક્ત અને ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા નકલી ડેરી ઉત્પાદનો પર લગામ કસવા માટે સરકારે આ પગલું ભર્યું છે. આ પ્રતિબંધ બાદ હવે રાજ્યમાં ડેરી પ્રોડક્ટ્સના નામે એનાલોગ સામગ્રી વેચતા કે બનાવતા એકમો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે, જેથી સામાન્ય જનતાને શુદ્ધ અને ગુણવત્તાસભર ખાદ્યસામગ્રી મળી રહે.

રાજ્યના 'ખોરાક અને ઔષધ નિયમન તંત્ર' દ્વારા કરવામાં આવેલા સેમ્પલિંગ અને લેબોરેટરી પરીક્ષણમાં સામે આવ્યું કે દૂધના બદલે વનસ્પતિ તેલ અને બિન-ડેરી ઘટકોમાંથી પનીર જેવા દેખાતા ઉત્પાદનો બનાવાઈ રહ્યા હતા.

### તંત્રી લેખ...

## જાતિવાદી રાજકારણ: દેશની પ્રગતિમાં સૌથી મોટો અવરોધ

અનામત પ્રથાના અતિરેકે ભારતીય રાજકારણને વિકાસલક્ષી બનાવવાના બદલે 'જ્ઞાતિવાદી ગણિત' પર આધારિત બનાવી દીધું છે. ચૂંટણીઓ આવે એટલે રાજકીય પક્ષો અને નેતાઓ દેશની સુરક્ષા, શિક્ષણ, આરોગ્ય કે રોઝગારીની વાત કરવાને બદલે કઈ જ્ઞાતિને કેટલી અનામત આપવી તેના વચનો આપવા લાગે છે.


વોટબેંકનું ગંદુ રાજકારણ: અનામત હવે સામાજિક કલ્યાણનું સાધન મટીને માત્ર રાજકીય પક્ષો માટે વોટબેંક સાધવાનું હથિયાર બની ગયું છે.

સામાજિક વૈમનસ્ય: જ્યારે સરકારી તકો, નોકરીઓ અને શિક્ષણનું વિભાજન જાતિના આધારે થાય છે, ત્યારે વિવિધ જ્ઞાતિઓ વચ્ચે ઈર્ષ્યા, અસંતોષ અને કડવાશ ઊભી થાય છે.

જ્યાં સુધી રાજકારણમાંથી જાતિનો મુદ્દો નહીં હટે, ત્યાં સુધી દેશમાં સાચો અને સર્વસમાવેશી વિકાસ શક્ય નથી.

### પ્રતિભા અને ક્ષમતાની બલિહારી: મેરિટનું મહત્વ

કોઈપણ રાષ્ટ્રનો સાચો આધાર તેની પ્રતિભાશાળી યુવાધન અને તેમની ક્ષમતા પર રહેલો હોય છે. જ્યારે ગુણવત્તા (Merit) ને બાજુ પર મૂકીને માત્ર જન્મ કે જાતિના આધારે તકો ફાળવવામાં આવે છે, ત્યારે દેશની શ્રેષ્ઠ પ્રતિભાઓને ભારે અન્યાય થાય છે.




પ્રતિભાનું પલાયન (Brain Drain): ઉચ્ચ ગુણાંક મેળવવા છતાં માત્ર પોતાની જાતિના કારણે યોગ્ય કોલેજ કે નોકરીથી વંચિત રહેતા સક્ષમ યુવાનો નિરાશ થઈને વિદેશ તરફ પ્રયાણ કરે છે, જેનાથી દેશને મોટું નુકસાન થાય છે.

ગરીબ અને જરૂરિયાતમંદને અન્યાય: અનામતનો લાભ પેઢી દર પેઢી એક જ જ્ઞાતિના આર્થિક રીતે સમૃદ્ધ લોકો મેળવ્યા કરે છે, જ્યારે ઉચ્ચ કે સામાન્ય વર્ગના અત્યંત ગરીબ, અનાથ કે નિરાધાર બાળકો માત્ર સામાન્ય વર્ગમાં જન્મ્યા હોવાના કારણે તમામ સુવિધાઓથી વંચિત રહી જાય છે. શું આને સાચો ન્યાય કહી શકાય?

### સાચો સામાજિક ન્યાય અને સમરસતા લાવવાના ઉપાયો

સમાજમાં વાસ્તવિક સમાનતા અને બંધુતા સ્થાપિત કરવા માટે પાયાના પરિવર્તનો લાવવા જરૂરી છે:

આર્થિક સ્થિતિ જ એકમાત્ર માપદંડ હોવો જોઈએ: અનામતનો આધાર જન્મ કે જ્ઞાતિ નહીં, પરંતુ પરિવારની વાસ્તવિક આર્થિક સ્થિતિ (Economic Status) હોવો જોઈએ. ગરીબ પછી તે કોઈપણ ધર્મ કે જ્ઞાતિનો હોય, તેને આગળ વધવા માટે સરકાર તરફથી તમામ આર્થિક અને શૈક્ષણિક સહાય મળવી જોઈએ.

શિક્ષણના સ્તરમાં સુધારો: પ્રાથમિક અને માધ્યમિક સ્તરે જ સરકારી શાળાઓનું શિક્ષણ એટલું ગુણવત્તાસભર બનાવવું જોઈએ કે દરેક વર્ગનો બાળક પોતાની મહેનત અને ક્ષમતાના આધારે જ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી શકે.

તકોની સમાનતા (Equal Opportunities): દરેક નાગરિકને ભણવા અને કૌશલ્ય વિકસાવવાની એકસરખી ઉત્કૃષ્ટ તકો મળવી જોઈએ, પરંતુ પસંદગીનો આધાર માત્ર અને માત્ર યોગ્યતા જ હોવો જોઈએ.

જ્યારે દેશમાંથી જાતિ આધારિત ઓળખ અને ભેદભાવો દૂર થશે, ત્યારે જ દરેક નાગરિક પોતાને માત્ર 'ભારતીય' તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવશે. જન્મથી નહીં પણ કર્મો અને ક્ષમતાથી વ્યક્તિ મૂલવવો જોઈએ. જ્યારે અનામતના નામે ચાલતું જાતિવાદી રાજકારણ ખતમ થશે, ત્યારે જ દેશમાં પ્રતિભાનો સત્કાર થશે, દરેક ગરીબને સાચો ન્યાય મળશે અને ભારત સાચા અર્થમાં મહાસત્તા બનીને ઊભરી આવશે.

ભારતમાં લોકશાહીનો પાયો સમાનતા, સામાજિક ન્યાય અને ભાઈચારા પર રચાયો છે. આઝાદી સમયે જ્યારે દેશનું બંધારણ ઘડાઈ રહ્યું હતું, ત્યારે તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને પછાત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. તેનો મૂળ હેતુ ચોક્કસ સમયગાળા માટે સામાજિક અસમાનતા દૂર કરવાનો હતો. પરંતુ દાયકાઓ વીતી ગયા પછી પણ પરિસ્થિતિ એ બની છે કે અનામત પ્રથા જ્ઞાતિવાદને નાબૂદ કરવાને બદલે તેને વધુ મજબૂત કરવાનું નિમિત્ત બની ગઈ છે. આજના આધુનિક, ટેકનોલોજીકલ અને સ્પર્ધાત્મક યુગમાં જો આપણે દેશને વિશ્વગુરુ બનાવવો હોય, તો આ અનામત વ્યવસ્થાના સ્વરૂપ પર ગંભીરતાથી પુનર્વિચાર કરવો અનિવાર્ય બની ગયો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

## ભાજપ અને RSSનું નવું મિશન Gen-Z: NEET પેપર લીક આંદોલને હલાવી દીધી સત્તા! હવે યુવા પેઢીને સાધવા ઘડાયો માસ્ટરપ્લાન

દિલ્હીના રાજકીય ગલિયારામાં અને નાગપુરના સંઘ મુખ્યાલયમાં આજકાલ એક જ મિશનનો ભારે ચર્ચા થઈ રહ્યો છે – 'મિશન Gen-Z'! તાજેતરમાં NEET પેપર લીક કાંડને પગલે દેશભરમાં ઉભેલા વિદ્યાર્થી આંદોલને માત્ર એક મંત્રીની ખુરશી કે તંત્રના પાયા જ નથી હલાવ્યા, પરંતુ ભાજપ (BJP) અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની નેતાગીરીને એક બહુ મોટો અને આકરો પાઠ ભણાવી દીધો છે. આ આંદોલને સાબિત કરી દીધું છે કે ૨૧મી સદીનો 'Gen-Z' (નવી પેઢીનો યુવા) માત્ર મંચ પરથી અપાતા ભવ્ય ભાષણો કે તાળીઓ પાડવા પૂરતો મર્યાદિત નથી. તે પ્રશ્નો પણ પૂછે છે, પોતાના હક્કો માંગે છે અને તેને અવગણવો સત્તાધારી પક્ષને કેટલો ભારે પડી શકે છે તેનો અહેસાસ હવે ભાજપ-RSS ને થઈ ચૂક્યો છે.

### શા માટે 'Gen-Z' ને સાધવો ભાજપ-RSS માટે અનિવાર્ય બન્યો?

દેશમાં ૧૮ થી ૨૫ વર્ષની વયજૂથના યુવાનો એટલે કે 'Gen-Z' ની મતબેંક હવે ઈલેક્શનમાં જીત અને હાર નક્કી કરનારું સૌથી મોટું પરિબળ બની ગઈ છે. ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીના પરિણામો અને ત્યારબાદ વિદ્યાર્થીઓના વ્યાપક આક્રોશે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે:

પ્રશ્નો પૂછતી નવી પેઢી: જ્ઞાતિ-જાતિ કે પરંપરાગત મુદ્દાઓથી અલગ રહીને આ પેઢી રોજગાર, પારદર્શી પરીક્ષાઓ, પેપર લીક મુક્ત સિસ્ટમ અને ઉત્તમ શિક્ષણ જેવા રોજીંદા પ્રશ્નો પર આકરા સવાલો કરી રહી છે.

સોશિયલ મીડિયા પર આક્રમકતા: ડિજિટલ યુગનો આ યુવા વર્ગ ઈન્સ્ટાગ્રામ, એક્સ (ટ્વિટર) અને યુટ્યુબ જેવા પ્લેટફોર્મ્સ પર મિનિટોમાં આંદોલન ઊભું કરવાની અને સરકારની નીતિઓને બોગસ સાબિત કરવાની તાકાત ધરાવે છે.

રાજકીય જાગૃતિ: NEET અને અન્ય ભરતી પરીક્ષાઓમાં થયેલી ગડબડે મધ્યમ વર્ગના યુવાનોને રસ્તા પર ઉતરવા મજબૂર કર્યા, જેનાથી ભાજપની 'યુવા સમર્થક'ની ઈમેજને મોટો ફટકો પડ્યો.

### શું છે ભાજપ-RSS નો 'મિશન Gen-Z' પ્લાન?

નવા સમયની માંગને સમજીને હવે ભાજપ અને RSS એ પોતાની કાર્યપદ્ધતિમાં ઘાતક અને મોટો બદલાવ લાવવાની શરૂઆત કરી દીધી છે:

RSS નું યુવા કેન્દ્રિત નેટવર્ક: સંઘ હવે પોતાની શાખાઓ અને કાર્યક્રમોમાં પરંપરાગત પદ્ધતિઓની સાથે ટેકનોલોજી, સ્ટાર્ટઅપ, એઆઈ (AI) અને યુવાનોના મનની ભાષામાં સંવાદ સાધવા પર ભાર મૂકી રહ્યું છે.

પરીક્ષાઓમાં પારદર્શિતા અને કડક કાયદા: પેપર લીક રોકવા માટે કડક કાયદાઓ અને એજન્સીઓના ઓવરહોલિંગ દ્વારા યુવાનોનો તંત્ર પરનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

યુવા ચહેરાઓને આગળ કરવાની વ્યૂહરચના: ભાજપ પોતાના સંગઠન અને ભારતીય જનતા યુવા મોરચા (BJYM) માં પણ આજના આધુનિક વિચારસરણી ધરાવતા યુવાનોને નેતૃત્વ સોંપવાની તૈયારીમાં છે.

### અંતિમ વિશ્લેષણ: વાયદા નહીં, પરિણામ જોઈએ છે!

ભાજપ અને RSS માટે 'મિશન Gen-Z' હવે કોઈ ઓપ્શન નથી પરંતુ અસ્તિત્વ અને ભવિષ્યની સત્તા ટકાવી રાખવાની મજબૂરી છે. આજના યુવાને વાયદા કે રાજકીય નિવેદનોથી ભોળવી શકાય તેમ નથી, તેને માત્ર અને માત્ર પારદર્શી પરિણામો અને સુનિશ્ચિત ભવિષ્ય જોઈએ છે.

જો ભાજપ સરકાર આ યુવા આક્રોશને યોગ્ય દિશા આપીને તેમનો વિશ્વાસ જીતવામાં સફળ રહેશે તો જ આગામી ચૂંટણીઓમાં મોટી જીત મેળવી શકશે, નહિતર Gen-Z નો આક્રોશ કોઈપણ રાજકીય તખ્તાને પલટાવી દેવા માટે પૂરતો છે!

## ગૌ માતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરો અને ગૌહત્યા સામે બનાવો કડક કાયદો

### હિન્દુ સંગઠનો અને ધર્મગુરુઓ રસ્તા પર, દિલ્હીમાં ભૂખ હડતાળની આકરી ચેતવણી!

ગૌ રક્ષા અને સનાતન ધર્મના સન્માન માટે હિન્દુ સંગઠનો અને સાધુ-સંતો-ધર્મગુરુઓ રોડ પર ઉતરી આવ્યા છે. ધર્મગુરુઓના નેતૃત્વમાં યોજાયેલી એક મહારેલીમાં મોટી સંખ્યામાં અબાલ-વૃદ્ધ અને કાર્યકરો જોડાતાં સમગ્ર વાતાવરણ 'જય ગૌ માતા'ના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું. પ્રદર્શનકારીઓએ કલેક્ટરશ્રીને આવેદનપત્ર પાઠવીને ગૌ માતાને ત્વરિત 'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની તેમજ ગૌહત્યા અટકાવવા માટે દેશભરમાં અત્યંત આકરો કાયદો બનાવવાની સરકાર સમક્ષ બુલંદ માગણી કરી છે.

ગૌ માતા માટે આરપારની લડાઈ: દિલ્હીમાં ભૂખ હડતાળ અને ઉગ્ર આંદોલનની ચીમકી

આવેદનપત્ર આપવા પહોંચેલા હિન્દુ સંગઠનોના આગેવાનો અને ધર્મગુરુઓએ સરકાર અને તંત્રને અત્યંત આકરા શબ્દોમાં ચેતવણી આપતાં સ્પષ્ટ કર્યું છે કે જો તેમની વાજબી અને ધાર્મિક માગણીઓનો ઉકેલ લાવવામાં નહીં આવે, તો તેઓ શાંત બેસી રહેશે નહીં.

દિલ્હી સુધી ગૂંજશે અવાજ: માગણીઓ સત્વરે નહીં સ્વીકારાય તો દેશની રાજધાની દિલ્હી ખાતે આંદોલનકારીઓ દ્વારા આમરણ ભૂખ હડતાળ શરૂ કરવામાં આવશે.

ઉગ્ર આંદોલનનો એંધાણ: જો ગૌહત્યા અટકાવવા માટે તાત્કાલિક યોગ્ય પગલાં નહીં લેવાય, તો આવનારા દિવસોમાં દેશભરમાં આંદોલનને અત્યંત ઉગ્ર અને ભયાનક સ્વરૂપ આપવામાં આવશે, જેની તમામ જવાબદારી સરકારની રહેશે.

હવે જોવાનું એ રહેશે કે હિન્દુ સંગઠનો અને ધર્મગુરુઓના આ આક્રોશ તેમજ ચક્રવ્યૂહ જેવા આંદોલન સામે સરકાર ક્યારે કડક નિર્ણય લઈને ગૌ માતાને રાષ્ટ્રમાતાનો દર્જો આપે છે!

## દેશભક્તિ અને પ્રકૃતિનો પાવન મિલાપ: મનભાવન ઓગસ્ટ માસનું આધ્યાત્મિક અને રાષ્ટ્રીય મહાત્મ્ય

સમયના અનંત પટ પર બાર મહિનાની શ્રૃંખલામાં પ્રત્યેક માસ પોતાનો એક આગવો વૈભવ અને મિજાજ લઈને આવે છે. પરંતુ, વર્ષના આઠમા પડાવ સમાન 'ઓગસ્ટ' મહિનાનું ભારતીય જનમાનસમાં એક વિશિષ્ટ અને અદભુત સ્થાન છે. આ મહિનો માત્ર કેલેન્ડરની તારીખ બદલવાનું માધ્યમ નથી, પરંતુ તે દેશભક્તિના સળગતા સૂર, સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનની સ્મૃતિ અને કુદરતના અનરાધાર સૌંદર્યનો એક મનોહર ત્રિવેણી સંગમ છે. ઓગસ્ટ મહિનો બેસતાં જ વાતાવરણમાં એક તરફ ભક્તિ અને રાષ્ટ્રપ્રેમનો જુવાળ ઊમટે છે, તો બીજી તરફ પ્રકૃતિ સોળે કળાએ ખીલીને પૃથ્વી પર લીલીછમ ચાદર ઓઢી લે છે. ઓગસ્ટ મહિનાનો ઈતિહાસ ભારતની આઝાદીના લોહીથી સિંચાયેલો છે. આ એ જ મહિનો છે જેના નસોમાં ક્રાંતિ વહે છે. ૯ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીના આહ્વાન પર શરૂ થયેલી 'હિન્દ છોડો' (ક્વિટ ઈન્ડિયા) ચળવળે બ્રિટિશ સલ્તનતના પાયા હચમચાવી દીધા હતા. આ ક્રાંતિની પરાકાષ્ઠા રૂપે જ ૧૫મી ઓગસ્ટના રોજ આપણો દેશ સદીઓની ગુલામીની બેડીઓ તોડીને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યો. આથી જ, ૧૫મી ઓગસ્ટનો 'સ્વાતંત્ર્ય દિન' એ માત્ર એક સરકારી ઉત્સવ નથી, પરંતુ કરોડો ભારતીયોના હૃદયના ધબકારા અને રાષ્ટ્રીય અસ્મિતાનું પર્વ છે. લાલ કિલ્લા પરથી ફરકતો ત્રિરંગો આપણને શહીદોના સમર્પણની યાદ અપાવી દેશ માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા આપે છે. રાષ્ટ્રીય ચેતનાની સાથે-સાથે આ મહિનો ધાર્મિક અને સામાજિક ઉત્સવોની હારમાળા લઈને આવે છે. અષાઢ અને શ્રાવણ માસના પવિત્ર દિવસો આ મહિનામાં આવતા હોવાથી ચારેકોર ભક્તિમય વાતાવરણ જોવા મળે છે. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પ્રતીક એવી 'રક્ષાબંધન', શિવ આરાધનાના પવિત્ર સોમવાર અને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનું પર્વ 'જન્માષ્ટમી' આ જ મહિનાની આસપાસ લોકજીવનને આનંદિત કરે છે. મેળાઓની રમઝટ અને શરણાઈના સૂર આ મહિનામાં ભારતીય સંસ્કૃતિની ભવ્યતાના દર્શન કરાવે છે. તહેવારોની આ પરંપરા માનવ સંબંધોને વધુ મજબૂત અને લાગણીસભર બનાવે છે. પ્રકૃતિના દૃષ્ટિકોણથી જોઈએ તો ઓગસ્ટ મહિનો એ ધરતીનો શ્રૃંગાર છે. ચોમાસાની ઋતુ પોતાની પરાકાષ્ઠાએ હોવાથી નદીઓ, ઝરણાં અને તળાવો પાણીથી છલકાઈ જાય છે. પર્વતો પર ધુમ્મસની ચાદર અને વાદળોની સંતાકૂકડી મનને અદ્ભુત શાંતિ આપે છે. જે કલમથી આપણે રોજિંદી ચિંતાઓ આલેખતા હોઈએ, તે જ કલમ આ મહિનામાં પ્રકૃતિના અદ્ભુત ભાવોને કંડારવા માટે આતુર બની જાય છે. વરસાદની મીઠી સુવાસ અને આકાશમાં છવાતા કાળાડિબાંગ વાદળો માનવ મનને આંતરિક શૂન્યતામાંથી બહાર લાવી આશા અને નવસર્જનનો સંદેશ આપે છે. ન્યૂઝ પેપરના વાચકો સમક્ષ આ ચિંતન રજૂ કરતા એ સત્ય સમજાય છે કે, ઓગસ્ટ મહિનો આપણને ભૂતકાળના ગૌરવ સાથે જોડીને ભવિષ્ય તરફ સકારાત્મક ઉર્જા સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. તે આપણને શીખવે છે કે જેમ કપરા ઉનાળા પછી પ્રકૃતિ ખીલી ઊઠે છે, તેમ જીવનના ગમે તેવા વિપરીત સંજોગો કે શારીરિક-માનસિક સંઘર્ષો પછી પણ નવું અજવાળું ચોક્કસ આવે છે. આવો, રાષ્ટ્રભક્તિ અને સ્નેહના આ પવિત્ર માસને હૃદયપૂર્વક આવકારીએ અને દેશના વિકાસમાં આપણું અમૂલ્ય યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ કરીએ.

**- લેખક: રૂપેશ સોલંકી**

## સીમાંકન બિલ પર સરકારનો મોટો ધમાકો

### 50% બેઠકો વધારવાના ખાસ ફોર્મ્યુલાથી દેશના રાજકારણમાં મોટો ભૂકંપ!

આગામી સીમાંકન (Delimitation) ને લઈને કેન્દ્ર સરકારે એક અતિ મહત્વપૂર્ણ અને માસ્ટરપ્લાન તૈયાર કર્યો છે. દેશમાં લોકસભાની બેઠકોનું નવેસરથી વિભાજન કરવા અને રાજ્યો વચ્ચે સંકલન જાળવી રાખવા માટે સરકારે ૫૦ ટકા બેઠકો વધારવાના ફોર્મ્યુલા પર સહમતિ સાધી લીધી છે. આ નવા ફોર્મ્યુલાથી લોકસભાની વર્તમાન ૫૪૩ બેઠકો વધીને ૮૧૬ સુધી પહોંચી શકે છે. સરકારના આ ખાસ માસ્ટરપ્લાનથી દેશના તમામ રાજ્યોની રાજકીય ભાગીદારીમાં ઘણો મોટો ફેરફાર જોવા મળશે.

### 50% વધારાનો 'ગોલ્ડન ફોર્મ્યુલા': કોઈપણ રાજ્યને નુકસાન નહીં થાય!

સીમાંકનને લઈને ખાસ કરીને ઉત્તર અને દક્ષિણ ભારતના રાજ્યો વચ્ચે જે મોટો વિવાદ ઊભો થયો હતો, તેને ઉકેલવા સરકારે આ ૫૦ ટકા સીટ વધારવાનો ફોર્મ્યુલા શોધી કાઢ્યો છે:

દરેક રાજ્યને ૫૦% વધુ બેઠકો: નવા મોડેલ મુજબ દરેક રાજ્યની વર્તમાન લોકસભા બેઠકોમાં સીધો ૫૦ ટકાનો વધારો કરવામાં આવશે.

પ્રમાણ જળવાઈ રહેશે: રાજ્યો વચ્ચેની બેઠકોનું હાલનું ટકાવારી પ્રમાણ (Proportion) યથાવત રહેશે. આનાથી વસ્તી નિયંત્રણ કરનારા દક્ષિણ ભારતના રાજ્યોને કોઈ રાજકીય નુકસાન વેઠવું પડશે નહીં.

મહાનગર અને ગ્રામીણ વિસ્તારોનો વિકાસ: બેઠકો વધવાથી એક સાંસદ હેઠળ આવતી વસ્તીનો બોજ ઘટશે, જેથી પ્રજાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવશે.

નવા સંસદ ભવનનું સ્વપ્ન સાકાર થશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશને સમર્પિત કરાયેલા નવા હાઈટેક સંસદ ભવનમાં ૮૮૮ લોકસભા સાંસદોના બેસવાની ભવ્ય ક્ષમતા રાખવામાં આવી છે. સરકારના આ ૫૦ ટકા સીટ વધારવાના નિર્ણયથી નવી સંસદની ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ થશે. આ સીમાંકન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દેશની સંસદમાં મહિલા અનામત (૩૩% અનામત) નો અમલ પણ સરળ બની જશે.

વિપક્ષના વિરોધનું શસ્ત્ર હેઠું હેઠું હેઠું મુકાશે!

અત્યાર સુધી વિપક્ષ આક્ષેપ કરી રહ્યો હતો કે સીમાંકનથી ઉત્તર પ્રદેશ કે બિહાર જેવા વધુ વસ્તી ધરાવતા રાજ્યોને જ ફાયદો થશે અને દક્ષિણના રાજ્યોની સીટો ઘટી જશે. પરંતુ સરકારના આ ૫૦% વધારાના ફોર્મ્યુલાથી દક્ષિણના રાજ્યોની બેઠકો પણ ૧૨૯થી વધીને ૧૯૫ થઈ જશે. તંત્ર અને સરકારનો આ નિર્ણય ભારતની લોકશાહીને વધુ મજબૂત અને વ્યાપક બનાવશે તે નક્કી છે.

## તિરંગો અને બંધારણ: કોઈપણ આંદોલનની સાચી શક્તિ, વિજય અને ઓળખની એકમાત્ર ચાવી!

ઈતિહાસ સાક્ષી છે કે ભારતમાં જ્યારે પણ જનઆંદોલનો થયા છે, ત્યારે સફળતા માત્ર એ જ સત્યાગ્રહો કે આંદોલનોને મળી છે જેણે દેશની ગરિમા, સંવિધાન અને રાષ્ટ્રધ્વજને સર્વોપરી માન્યા છે. આપણી સામે એવા આંદોલનોના પણ જીવંત ઉદાહરણો છે, જે માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર દુનિયામાં છવાઈ ગયા હતા. એક એવું જ આંદોલન હતું જ્યાં દરેક આંદોલનકારીના એક હાથમાં 'રાષ્ટ્રધ્વજ તિરંગો' અને બીજા હાથમાં 'ભારતનું બંધારણ' હતું. આ દ્રશ્ય એટલું તાકાતવર અને સત્યતાથી સભર હતું કે વિદેશી પત્રકારો અને આંતરરાષ્ટ્રીય મીડિયાને પણ તેનું કવરેજ કરવા માટે ભારતમાં આવવું પડ્યું હતું.

આ ઈતિહાસ આપણને એક બહુ મોટો અને ઘાતક પાઠ શીખવે છે: 'જો તમારે દેશમાં કોઈ પણ મુદ્દે અવાજ ઉઠાવવો હોય કે આંદોલન કરવું હોય, તો હાથમાં સંવિધાન અને તિરંગો જ રાખો, નહિતર આ દેશ કે દુનિયા તમારી કોઈ નોંધ નહીં લે!'

### શા માટે આંદોલનમાં તિરંગો અને બંધારણ અનિવાર્ય છે?

નૈતિક શક્તિ અને દેશભક્તિનું પ્રતીક: હાથમાં તિરંગો હોય ત્યારે આંદોલનકારીઓ પર 'દેશવિરોધી' કે 'તોફાની' હોવાનો સિક્કો મારી શકાતો નથી. તિરંગો એ બતાવે છે કે લડાઈ દેશની વિરુદ્ધમાં નહીં, પરંતુ દેશના નાગરિકોના અધિકારો અને ન્યાય માટેની છે.

બંધારણ એ આપણી સુરક્ષા ઢાલ: ભારતનું બંધારણ (સંવિધાન) દરેક નાગરિકને શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શિત કરવાનો અને ન્યાય માગવાનો મૌલિક અધિકાર આપે છે. જ્યારે તમે હાથમાં બંધારણ રાખીને લડો છો, ત્યારે તમારી પાસે કાયદાની સૌથી મોટી તાકાત હોય છે.

વિશ્વનું ધ્યાન ખેંચવાની તાકાત: હિંસા કે ઉશ્કેરણીથી ચાલતાં આંદોલનો બહુ જલ્દી બદનામ થઈ જાય છે, પરંતુ સત્ય, અહિંસા, સંવિધાન અને રાષ્ટ્રધ્વજના સહારે ચાલતા આંદોલનોમાં એટલી વૈશ્વિક તાકાત હોય છે કે આંતરરાષ્ટ્રીય મીડિયાએ પણ નમવું પડે છે.

### જો આંદોલન માર્ગ ભટકશે તો સમાજ અને તંત્ર ફગાવી દેશે

આજના સમયમાં જ્યારે યુવાનો કે વિવિધ સંગઠનો પોતાની માગણીઓને લઈને રસ્તા પર ઉતરે છે, ત્યારે ઘણીવાર ખોટા રસ્તે દોરવાઈ જતા હોય છે. તોડફોડ, હિંસા, સરકારી મિલકતોને નુકસાન પહોંચાડવું કે ભડકાઉ ભાષણો આપવાથી કોઈ માગણી પૂરી થતી નથી. , તંત્ર અને પોલીસને આવા આંદોલનોને દબાવી દેવાનું બહાન મળી જાય છે. સમાજ પણ આવા તોફાની આંદોલનોથી અંતર બનાવી લે છે અને અંતે આંદોલનકારીઓની મહેનત પાણીમાં જાય છે.

સંદેશ: હિંસા છોડો, બંધારણીય માર્ગ અપનાવો

જો તમારે તમારી માગણીઓ પ્રત્યે સરકાર અને તંત્રને ઝુકાવવા હોય, તો દેશના બંધારણમાં વિશ્વાસ રાખો. લોકશાહીમાં સૌથી મોટું શસ્ત્ર હિંસા નથી, પરંતુ કાયદાકીય અને શાંતિપૂર્ણ વિરોધ છે.

જ્યારે દેશનો યુવાન કે નાગરિક હાથમાં તિરંગો લહેરાવીને અને હાથમાં સંવિધાનની પુસ્તક રાખીને ન્યાય માગવા નીકળે છે, ત્યારે દુનિયાની કોઈ તાકાત તેનો અવાજ દબાવી શકતી નથી. આવનારા સમયમાં કોઈપણ હક્ક કે ન્યાયની લડાઈ લડતી વખતે આ એક વાત સુવર્ણ અક્ષરે યાદ રાખવી પડશે – તિરંગો આપણું ગૌરવ છે અને બંધારણ આપણો આધાર છે!

## ટ્રમ્પની હત્યાનો વધુ એક પ્રયત્ન નિષ્ફળ કરાયો ગોલ્ફ-કોર્સ પાસે પિસ્તોલધારીની ધરપકડ કરાઈ

**લોસ એન્જલસ**

દક્ષિણ કેલિફોર્નિયામાં પ્રમુખ ટ્રમ્પના ગોલ્ફકાર્ટ પાસે ૩૮ વર્ષના એક પિસ્તોલધારીની પોલીસે ધરપકડ કરી હતી. જ્હોન રીલે નામક આ શખ્સની મોટરમાંથી પણ બીજા શસ્ત્રો અને ઘાતક સરંજામ મળી આવ્યો હતો. લોસ એન્જલસ કાઉન્ટી શેરીફની ઓફિસે આ માહિતી આપતા જણાવ્યું હતું કે આ જ્હોન રીલે પહેલા ફોટોગ્રાફ પાડતો જોવા મળ્યો હતો. તે સ્થળ વર્ડસ સ્થિત ટ્રમ્પના નેશનલ ગોલ્ફ ક્લબને અડીને આવેલું છે. અહીં બે દિવસ પછી પ્રમુખ ટ્રમ્પ રીપબ્લિકન ફંડ રેઈઝીંગ કમિટીને રાત્રિ ભોજન પણ આપવાના છે. આ રીલે નામક શખ્સે પોતાના સરકોટના ખિસ્સામાં ૧૬ રાઉન્ડનું મેગેઝિન રાખ્યું હતું. તેમજ બોડી આર્મર (બખ્તર) પહેર્યું હતું. (જેથી શાર્પનેસ ન



વાગે) મોટરમાંથી કેટલાક દ્વિધાજનક નિવેદનોની નોંધવાળી નોટબુક પણ મળી આવી હતી. પોલીસે જ્હોન રીલેની પૂછપરછ શરૂ કરી દીધી છે. તેની ઉપર સેકન્ડ ડીગ્રી રોબરી, પઝેશન ઓફ લાર્જ કેપેસીટી મેગેઝિન, તથા શોર્ટબેસડ રાયફલ (શોટગન) રાખવાના આરોપો મૂકવામાં આવ્યા છે. પોલીસને તેની હિલચાલ શંકાસ્પદ લાગતા તેની ઉપર નજર રાખવી શરૂ કરી દીધી હતી. તેમાં તે ફાયર-આર્મ ખેંચવા ગયો ત્યાં જ પોલીસે પકડી પાડયો હતો. તેની મોટરની તપાસ કરતા પાછળની સીટ નીચેથી ઘાતક શસ્ત્રોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, રવિવારે અલ-એગુન્ડોમાં થયેલી રોબરી (લૂંટ) અંગે પોલીસે શંકા ઉપરથી આ જ્હોન રીલેની પૂછપરછ તો કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫ની ચૂંટણી માટે ચાલી રહેલ ઝુંબેશ દરમિયાન ૨૦૨૪માં પણ તે સમયના પ્રમુખપદના ઉમેદવાર તરીકે રહેલા ટ્રમ્પની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે સમયે તો ગોળી તેમના કાનના ઉપરના ભાગે છરકો કરી ગઈ હતી.




# "જમીન અમારી માતા છે, કોઈપણ ભોગે નહીં આપીએ" : થેરકા ગામે રેલ્વે લાઈનનો જોરદાર વિરોધ

ઝાલોદ, પંકજ પંડિત



■ પંચકૃષ્ણ મંદિર ખાતે ખેડૂતો-ગ્રામજનોની બેઠક; ગ્રામપંચાયતમાં સર્વાનુમતે જમીન ન આપવા ઠરાવ કરવાની માંગ

ઝાલોદ તાલુકાના થેરકા ગામ સ્થિત પંચકૃષ્ણ મંદિર ખાતે પ્રસ્તાવિત રેલ્વે લાઈનને લઈને ખેડૂતો અને ગ્રામજનોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં મોટી સંખ્યામાં ખેડૂતો, આદિવાસી સમાજના આગેવાનો, યુવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન એકસુરે પ્રસ્તાવિત રેલ્વે લાઈનનો વિરોધ વ્યક્ત કરી સરકાર સમક્ષ તેને અન્ય વૈકલ્પિક માર્ગ પરથી પસાર કરવાની માંગ કરવામાં આવી હતી.

બેઠકમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગ્રામપંચાયત દ્વારા સર્વાનુમતે ઠરાવ પસાર કરી સ્પષ્ટપણે સરકારને જણાવવામાં આવે કે ગામના ખેડૂતો પોતાની ખેતીની જમીન કોઈપણ પ્રોજેક્ટ માટે આપવા તૈયાર નથી. ખેડૂતોના જણાવ્યા મુજબ જમીન માત્ર એક મિલકત નથી, પરંતુ તેમના પરિવારના ભરણપોષણ, આવક અને આવનારી પેઢીના ભવિષ્યનો આધાર છે. ખેડૂતોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક વર્ષોથી કોરિડોર, એરપોર્ટ, જી.આઈ.ડી.સી. અને હવે રેલ્વે જેવા વિવિધ પ્રોજેક્ટોના નામે ખેડૂતોની ઉપજાઉ જમીન સંપાદિત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આવા પ્રોજેક્ટોથી સ્થાનિક આદિવાસી ખેડૂતોને કોઈ સીધો લાભ મળવાનો નથી, જ્યારે તેમની રોજીરોટી છીનવાઈ જવાનો ભય ઉભો થયો છે. બેઠકમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પ્રસ્તાવિત રેલ્વે લાઈન હેઠળ અંદાજે 28 ખેડૂતોની જમીન અસરગ્રસ્ત થવાની શક્યતા છે. સર્વે કરવા આવેલા અધિકારીઓ પાસે જ્યારે ખેડૂતો દ્વારા પ્રોજેક્ટનો નકશો, જમીન સંપાદનની વિગતો અને અસરગ્રસ્ત ખેડૂતો અંગેની માહિતી માંગવામાં આવી ત્યારે તેમને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો અને માહિતી આપવાની સત્તા નથી તેવો જવાબ આપવામાં આવ્યો હતો. બેઠકમાં ખેડૂતો દ્વારા 73AA હેઠળની આદિવાસી જમીનના કાયદાકીય રક્ષણનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. ખેડૂતોનું કહેવું હતું કે આ જમીન પર આદિવાસી સમાજના વિશેષ અધિકારો છે અને ખેડૂતોની સંમતિ વિના કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવી યોગ્ય નથી. ખેડૂત આગેવાન મુકેશ ડાંગીએ જણાવ્યું હતું કે, 'ખેડૂતો માટે જળ, જંગલ અને જમીન માત્ર સંપત્તિ નથી, પરંતુ એ જ તેમનું જીવન, સંસ્કૃતિ અને અસ્તિત્વ છે.

### પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવાની રજૂઆત

# જિલ્લા પંચાયત સ્તરે એપ્રુવલ ફરજિયાત બનતાં જન્મ-મરણ નોંધણીમાં ભારે વિલંબ

### અગાઉની જેમ ગ્રામ પંચાયતોને નોંધણી અને મંજૂરીની સત્તા પરત સોંપવાની માંગ ઉઠી

સાધલી, હસમુખ પટેલ


જન્મ મરણ ની નોંધણી ફરજિયાત છે, પરંતુ નોંધણી કરાવ્યા પછી હાલમાં 15 -15 દિવસ થયા હોવા છતાં પ્રમાણપત્ર મળતું નથી, કેમ કે હાલમાં ઓનલાઈન નોંધણી કરાવ્યા પછી જિલ્લા પંચાયત વડોદરાથી એપ્રુવલ ઘણું મોડું આવે છે. જેથી અરજદાર મુશ્કેલીમાં મુકાય છે.

સરકાર દ્વારા દરેક ક્ષેત્રમાં ડિજિટલ ની બોલબાલા ઊભી કરાઈ છે, પરંતુ ખાટલે મોટી ખોળ એ છે કે નાના ગામોમાં નેટ પકડાતું નથી, અને ઘણીવાર સર્વર ડાઉન હોય છે. એક મહિના અગાઉ તંત્ર દ્વારા સર્વરના કારણે જાહેરાત કરવામાં આવી હતી કે તમામ જન્મ મરણ નોંધણી એકમોને સૂચના આપવી કે એક અઠવાડિયા ઓલ્ડ ઈવેન્ટ એન્ટ્રી ના કારણે જિલ્લા લેવલે બેક લોક ઘણો વધી ગયો હતો અને રોજેરોજની એન્ટ્રી ના કારણે પાછળની એન્ટ્રી નો નિકાલ કરી શકાતો નહોતો, જેથી એક અઠવાડિયુ જેને ઈમરજન્સી હોય તેની એન્ટ્રી કરવી બાકીની એક અઠવાડિયા પછી કરવી, જેથી પાછળની એન્ટ્રી નો નિકાલ થાય ,તેમ જ કામગીરી સરળ થાય અને અરજદારોને તકલીફ ના પડે. પરંતુ આ જાહેરાતને એક મહિના ઉપરાંત નો સમય પૂરો થઈ ગયો હોવા છતાં પણ આજે પણ ગ્રામ પંચાયત દ્વારા જે જન્મ મરણની નોંધણી કરીને ઓનલાઈન કરવામાં આવે છે તેનું વડોદરા જિલ્લા પંચાયત ખાતેથી એપ્રુવલ આપવામાં ઘણા દિવસો થઈ જાય છે અને જેના કારણે જરૂરિયાત વાળા અરજદારોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી ગ્રામ્ય કક્ષાના લોકોની માંગણી છે કે અગાઉની જેમ ગ્રામ પંચાયત દ્વારા જ જન્મ મરણની નોંધણી થાય અને તેનું પ્રમાણપત્ર પણ તુરત મળી જાય એવી વ્યવસ્થા ફરીથી કરવી લોક હિતમાં જરૂરી છે. સમયની માંગ પ્રમાણે ઓનલાઈન ની સાથે સાથે ઓફલાઈન ને પણ એટલું જ મહત્વ મળે જેથી ગ્રામ્ય કક્ષાએ લોકોને મુશ્કેલીનો સામનો કરવો ના પડે અને નકલો તરત મળી જાય. તંત્ર આ દિશામાં વિચારી નિર્ણય કરે એ જરૂરી છે.

### ACBના છટકામાં વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનનો લોકરક્ષક રંગેહાથ ફસાયો!

# દારૂના ધંધામાં પૈસા માંગી ખાખીએ ઈમાનદારી વેચી

અમદાવાદ



દારૂબંધીવાળા ગુજરાતમાં ખાખી વર્દીને વધુ એક વખત દારૂના હપ્તાખોરીના કાળા કારોબારે દાગી દીધી છે. અમદાવાદના વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા મિતુરાજસિંહ ઉર્ફે મોન્ટુભાઈ નામના પોલીસકર્મી આણંદ ACBના સકંજામાં આબાદ ઝડપાઈ ગયા છે. દારૂના ધંધામાં હપ્તો માંગીને કાગળ પરની દારૂબંધીની આબરૂ હવામાં ઉડાડનાર આ પોલીસકર્મીની ધરપકડથી સમગ્ર અમદાવાદ પોલીસ બેડામાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે. ફરિયાદીના કાકાના દીકરાના દેશી દારૂના ધંધા માટે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કોઈ વિઘ્ન વગર દારૂનો જથ્થો પસાર થવા દેવાના બદલામાં આ લાંચિયા પોલીસકર્મીએ પોતાના સહિત કુલ ૩ પોલીસકર્મીઓના નામે દર મહિને ૧૨,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. રકઝક બાદ આખરે ૬,૦૦૦ની લાંચ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે આણંદ ACBનો સંપર્ક કર્યો હતો. ACBએ ગોઠવેલા સફળ છટકામાં મિતુરાજસિંહ ઉર્ફે મોન્ટુભાઈ ૬,૦૦૦ની રોકડ લાંચ સ્વીકારતા જ ઘટનાસ્થળેથી રંગેહાથ ઝડપાઈ ગયા હતા. એક તરફ રાજ્ય સરકાર ગુજરાતમાં કડક દારૂબંધીના મોટા મોટા દવાઓ કરે છે, તો બીજી તરફ પ્રજાના રક્ષક ગણાતા પોલીસ કર્મચારીઓ જ દારૂના ધંધાર્થીઓ પાસેથી ખુલ્લેઆમ હપ્તા માંગીને નશાના કાળા કારોબારને પ્રોત્સાહન આપી રહ્યા છે. ACB એ લોકરક્ષક મિતુરાજસિંહની અટકાયત કરીને તેની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલામાં અન્ય કયા બે પોલીસકર્મીઓના નામ વટાવાઈ રહ્યા હતા તેની પણ ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

### દેવગઢ બારિયાના વોર્ડ નંબર-2માં ભ્રષ્ટ વહીવટનો નમૂનો

# ભૂગર્ભ ગટરના કામ બાદ રસ્તો બની ગયો 'મોતનો કૂવો', સ્થાનિકોમાં આક્રોશ!

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા નગરપાલિકાના વોર્ડ નંબર-૨ માંથી એક અત્યંત ચિંતાજનક અને તંત્રની પોલ ખોલતી સ્થિતિ સામે આવી છે. વોર્ડ નંબર-૨ માં મુખ્ય માર્ગથી લઈને પીંજારા ફળિયા સુધી ભૂગર્ભ ગટર લાઈનની કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તાનું યોગ્ય પુનઃસ્થાપન ન કરાતાં આખો માર્ગ અત્યંત બિસ્માર બની ગયો છે. રસ્તા પર ઠેર-ઠેર પડેલા મોટા અને ઊંડા ખાડાઓને કારણે સ્થાનિક રહીશોમાં નગરપાલિકાના ભ્રષ્ટ અને અણઘડ વહીવટ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, ગટર લાઈનનું કામ પત્યા બાદ રસ્તા પર માત્ર ઉપરછલ્લું મટીરીયલ નાખીને કામ પૂરું કરી દેવામાં આવ્યું હતું. નબળી ગુણવત્તાવાળા મટીરીયલને કારણે થોડા જ દિવસોમાં જમીન ધસી ગઈ છે અને રસ્તો જોખમી બની ગયો છે.

બિસ્માર રસ્તાના કારણે શાળાએ જતા નાહક વિદ્યાર્થીઓ, બાઈકચાલકો, વૃદ્ધો અને રાહદારીઓને રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે.

નાના-મોટા અકસ્માતો રોજનો ક્રમ બની ગયા છે અને કોઈ મોટો અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ તેવો સવાલ ઉઠ્યો છે.

સ્થાનિકોએ નગરપાલિકાની હલકી કક્ષાની કામગીરી સામે તીવ્ર અસંતોષ વ્યક્ત કરતાં ગુણવત્તાયુક્ત અને કાયમી સીસી કે ડામર રસ્તાનું પુનઃનિર્માણ કરવાની આકરી માગ કરી છે. લોકોનું કહેવું છે કે દર વર્ષે કામચલાઉ સમારકામ (પેચ વર્ક) ના નામે પ્રજાના ટેક્સના પૈસાનો ઉડાઉ વ્યય કરવામાં આવે છે, પરંતુ મૂળ સમસ્યા જસની તસ રહે છે.

હવે દેવગઢ બારિયાના વોર્ડ નંબર-૨ ની જનતામાં એક જ સળગતો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે શું નગરપાલિકા અને જવાબદાર અધિકારીઓ આ ગંભીર સમસ્યાનું વહેલી તકે કાયમી નિરાકરણ લાવશે, કે પછી કોઈ નિર્દોષનો જીવ જાય ત્યાં સુધી લોકજાગૃતિની રાહ જોશે?

# CNGમાં અસહ્ય ભાવ વધારા સામે રિક્ષાચાલકોની હડતાળને મિશ્ર પ્રતિસાદ

### 5 અને 6 ઓગસ્ટના રોજ બે દિવસીય રિક્ષાચાલકોની હડતાલ સત્તાવાર રીતે શરૂ થઈ

અમદાવાદ

અમદાવાદમાં CNGના ભાવવધારા અને ભાડા સુધારાના અભાવે 5 અને 6 ઓગસ્ટે 1 લાખથી વધુ રિક્ષાઓની હડતાળ શરૂ થઈ છે. 4 રૂપિયાનો ભાવવધારો અને ભાડા નોટિફિકેશન ન મળતા ચાલકોમાં રોષ છે. હજારો મુસાફરોને હાલાકી પડી રહી છે, જેઓ બસ કે અન્ય વાહનનો સહારો લઈ રહ્યા છે. જોકે, કેટલીક શટલ રિક્ષાઓ ચાલુ રહી છે. શહેરમાં CNGના ભાવમાં સતત થઈ રહેલા અસહ્ય વધારા અને રિક્ષાભાડામાં સમયસર સુધારો ન થવાના વિરોધમાં 5 અને 6 ઓગસ્ટના રોજ બે દિવસીય રિક્ષાચાલકોની હડતાલ સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. આ મોટા આંદોલનના લીધે શહેરમાં લગભગ 1 લાખથી વધુ રિક્ષાઓના પૈડાં સંપૂર્ણપણે થંભી ગયા છે. જેના લીધે રોજના હજારો મુસાફરોને ભારે હાલાકી અને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ હડતાલ પાછળના મુખ્ય કારણોમાં 1 ઓગસ્ટના રોજ CNG ગેસના ભાવમાં એક સાથે 4 રૂપિયાનો ઝીંકાયેલો વધારો છે. જેનાથી સામાન્ય રિક્ષાચાલકોનું માસિક અને દૈનિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આ ઉપરાંત, ટ્રાન્સપોર્ટ કમિશનર સાથેની બેઠકમાં ભાડા વધારા અંગે સકારાત્મક સંમતિ બની હોવા છતાં, સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નોટિફિકેશન જારી કરવામાં આવ્યું નથી. જેના કારણે રિક્ષાચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

આ બે દિવસીય હડતાલના એલાનને કારણે રોજબરોજ જાહેર પરિવહન પર આધાર રાખતા સામાન્ય નાગરિકોને ભારે અસુવિધા નડી રહી છે. ખાસ કરીને રોજિંદા વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ અને કોલેજ જતા યુવાનોએ રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ કે હોસ્પિટલ જવા માટે સિટી બસ કે અન્ય વૈકલ્પિક પરિવહન સેવાઓનો ના છૂટકે સહારો લેવો પડી રહ્યો છે, જેથી સમયસર ગંતવ્ય સ્થાને પહોંચી શકાય.

જોકે, પ્રગતિ રિક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા હડતાલનું એલાન કરાયું હોવા છતાં જમીની સ્તર પર મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. નિયમિત અને ચોક્કસ રૂટ પર દોડતી શટલ રિક્ષાના ચાલકો આ હડતાળમાં જોડાયા નહોતા. એસજી હાઈવે અને પ્રહલાદનગર રોડ સહિતના મહત્ત્વના વિસ્તારોમાં રેગ્યુલર શટલ રિક્ષાઓ રાબેતા મુજબ ચાલુ રહેતા રસ્તાઓ પર રિક્ષાઓ દોડતી નજરે પડી હતી.

# રવિવારે પણ ખુલ્લી રાખી શકાશે શાળાઓ, DEO દ્વારા તમામ શાળાઓને પરિપત્ર જારી

અમદાવાદ




અમદાવાદમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે શાળાઓમાં રજાઓ જાહેર કરવામાં આવી હતી, જેના લીધે વિદ્યાર્થીઓના અભ્યાસ અને શૈક્ષણિક કાર્ય પર માઠી અસર પડી હતી. આ શૈક્ષણિક નુકસાનની ભરપાઈ કરવા અને બાકી રહેલો અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. DEO દ્વારા તમામ શાળાઓને પરિપત્ર જારી કરીને રવિવારના દિવસે પણ શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. DEO ના પરિપત્ર મુજબ, જો કોઈ શાળા વરસાદના કારણે બાકી રહી ગયેલું શિક્ષણ કાર્ય પૂર્ણ કરવા ઈચ્છતી હોય, તો તે ચાલુ મહિના દરમિયાન રવિવારના દિવસે પણ શાળા શરૂ રાખી શકશે. આ નિર્ણયથી શાળાઓ પોતાના શૈક્ષણિક કેલેન્ડરને ફરીથી પાટા પર લાવી શકશે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડશે નહીં. શિક્ષણ વિભાગે પરિપત્રમાં સ્પષ્ટ સૂચના આપી છે કે જે શાળાઓ રવિવારે શૈક્ષણિક કાર્ય શરૂ રાખવા માગતી હોય, તેમણે આ અંગે તમામ વાલીઓને અગાઉથી અવગત (જાણ) કરવાના રહેશે.

### ડુંગરી પાસે ટ્રાવેલ્સ અને રીક્ષા વચ્ચે ભયાનક અકસ્માત

# સિંગવડ તાલુકાના સુડીયા ગામના 33 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે કરુણ મોત

ઝાલોદ/દાહોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં ડુંગરી ગામ નજીક ખોડીયાર માતાના મંદિર પાસે બુધવારે સાંજના સમયે ટ્રાવેલ્સ બસ અને રીક્ષા વચ્ચે થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં સુડીયા ગામના 33 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. બનાવ અંગે મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે ટ્રાવેલ્સ બસના ચાલક વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત સર્જવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ સિંગવડ તાલુકાના સુડીયા ચારેલ ફળિયાના રહેવાસી સંજયભાઈ વરસીંગભાઈ ચારેલ (ઉ.વ. 33) પોતાના ઘરેથી પોતાની રીક્ષા નંબર GJ-20-W-6826 લઈને સાંજે આશરે 7:30 વાગ્યે સાસરી ગામ હાંડી જવા માટે નીકળ્યા હતા . થોડા સમય બાદ ગામના સરપંચ જશવંતભાઈ ચુનીલાલ બારીયાએ મૃતકના પિતા વરસીંગભાઈ કમજીભાઈ ચારેલને ફોન દ્વારા જાણ કરી કે ડુંગરી બસ સ્ટેશનથી લીમડી તરફ જતા માર્ગ પર ખોડીયાર માતાના મંદિર નજીક સંજયભાઈની રીક્ષા અને એક ટ્રાવેલ્સ બસ વચ્ચે ગંભીર અકસ્માત થયો છે. જાણ થતાં જ પરિવારજનો અને ગામના સરપંચ સહિતના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા રીક્ષા અને ટ્રાવેલ્સ બસ રોડની બાજુમાં અકસ્માતગ્રસ્ત હાલતમાં જોવા મળી હતી, જ્યારે રસ્તા પર સફેદ કપડાથી ઢાંકવામાં આવેલ મૃતદેહની ઓળખ કરતાં તે સંજયભાઈ ચારેલ હોવાનું સામે આવ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે સંજયભાઈને માથા, ચહેરા તેમજ શરીરના વિવિધ ભાગોમાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર લીમડી તરફથી આવી રહેલી ટ્રાવેલ્સ બસ નંબર MP-45-ZA-0099ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી સામેથી આવી રહેલી રીક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર બાદ રીક્ષાનો આગળનો ભાગ સંપૂર્ણ ચકનાચૂર થઈ ગયો હતો, જ્યારે ટ્રાવેલ્સ બસના આગળના ભાગને પણ નુકસાન પહોંચ્યું હતું. મૃતકના પિતા વરસીંગભાઈ કમજીભાઈ ચારેલ દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે ટ્રાવેલ્સ બસના ચાલક સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી અકસ્માતના ચોક્કસ કારણો, બસની ગતિ તેમજ અન્ય સંજોગોની તપાસ શરૂ કરી છે.

### 1 ગ્રામ 400 મિલિગ્રામ મેફેડ્રોન સહિત રૂ.1 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

# અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચનો મોટો ધડાકો: ગોતા વંદેમાતરમ રોડ પરથી એમડી ડ્રગ્સ સાથે બે નશાના સોદાગરો ઝડપાયા!

અમદાવાદ

અમદાવાદ શહેરને ડ્રગ્સમુક્ત કરવા ચાલતા અભિયાન વચ્ચે શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટું ઓપરેશન પાર પાડીને નશાના કારોબારમાં લિપ્ત બે યુવકોને ઝડપી પાડ્યા છે. પોશ ગણાતા ગોતા વિસ્તારના વંદેમાતરમ રોડ પરથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે અભી પટેલ અને સાહિલ પટેલ નામના બે યુવકોને દબોચી લીધા છે.

પોલીસે ઘટનાસ્થળેથી આરોપીઓ પાસેથી ૧ ગ્રામ ૪૦૦ મિલિગ્રામ જેટલું ઘાતક મેફેડ્રોન (MD) ડ્રગ્સ કબ્જે કર્યું છે. આ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચે નશાની હેરાફેરીમાં વપરાતું સ્કૂટર, ૨ નંગ એન્ડ્રોઈડ સ્માર્ટફોન સહિત કુલ રૂ. ૧ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા બંને યુવકો ગ્રાહકોને રિટેલમાં આ ડ્રગ્સ પધરાવે તે પહેલાં જ પોલીસે તેમની રમત પૂરી કરી દીધી હતી.

પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ ડ્રગ્સનો જથ્થો તેમને આકાશ ઠાકોર નામના શખ્સે આપ્યો હતો. જોકે દરોડા દરમિયાન આકાશ ઠાકોર પોલીસને ચકમો આપીને ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે હાલ ફરાર આકાશ ઠાકોર સામે પણ ગુનો નોંધીને તેને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે ગુનાહિત કાવતરું રચવા અને નશાકારક પદાર્થોની હેરાફેરી કરવા બદલ NDPS (એન.ડી.પી.એસ.) એક્ટ હેઠળ ગુનો નોંધીને કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે: આ યુવકો ક્યારથી અને કોના કોના સંપર્કમાં રહીને ડ્રગ્સનું વેચાણ કરી રહ્યા હતા?

મુખ્ય સપ્લાયર આકાશ ઠાકોર આ ડ્રગ્સ ક્યાંથી લાવતો હતો?

# વીરપુર પાસે કારના ગુપ્ત ખાનામાંથી રૂ.54 હજારનો વિદેશી દારૂ ઝડપાયો : LCBએ બે શખ્સોને દબોચ્યા

જેતપુર, સુરેશ ભાલીયા




રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ની ટીમે વીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે પીઠડીયા ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. પોલીસે ત્યાંથી પસાર થઈ રહેલી એક સફેદ કલરની ટાટા ઈન્ડિકા વિસ્ટા કારને અટકાવી તપાસ કરી હતી. કારની સઘન તલાશી લેતા તેમાંથી ખાસ બનાવેલું એક ગુપ્ત 'ચોર ખાનું' મળી આવ્યું હતું, જેમાં ગેરકાયદેસર પાસ-પરમીટ વગર છુપાવીને હેરાફેરી કરાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી જુદી-જુદી બ્રાન્ડની ૧૮૦ એમ.એલ. ની કુલ ૩૦૪ નંગ વિદેશી દારૂની બોટલો (કિંમત રૂ. ૫૪,૨૯૬), દારૂની હેરાફેરીમાં વપરાયેલી કાર (કિંમત રૂ. ૨,૦૦,૦૦૦) તેમજ ૨ નંગ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦) મળી કુલ રૂ. ૨.૬૪.૨૯૬ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા આરોપી ફારૂક ઈસ્માઈલભાઈ સીપાઈ (રહે. ધોરાજી) અને અમન રસુલભાઈ કુરેશી (રહે. નવાગઢ, જેતપુર) ની અટકાયત કરવામાં આવી છે. પોલીસ રેકોર્ડ મુજબ બંને આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જેમાં ફારૂક સામે અગાઉ લૂંટ, મારામારી અને એન.ડી.પી.એસ. તેમજ અમન સામે પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો છે. વીરપુર પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં એલસીબી પીઆઈ જે.પી.રાવ તથા પીએસઆઈ આર.વી.ભીમાણી, કે.એમ. ચાવડા, એચ.સી.ગોહીલ, પી.એન.ભરવાડ તથા એ.એસ.આઈ. અનીલભાઈ બડકોદીયા, બાલકૃષ્ણ ત્રીવેદી તથા હેડ કોન્સ.મનીષભાઈ વરૂ, રમણીકભાઈ મણવર, મનદીપસિંહ જાડેજા, તથા પો.કોન્સ. ભરતભાઈ ગમારા ભાવેશભાઈ મકવાણા મીરલભાઈ ચંદ્રવાડીયા તથા ડ્રા.પો.કોન્સ. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.



## 30 વર્ષની એક્ટ્રેસે વજન એટલું ઘટાડ્યું કે હાડપિંજર જેવી દેખાવા લાગી

# ‘બિગ બોસ 11’ ની કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલી એક્ટ્રેસ બેનાફશાની હોટ તસ્વીર વાયરલ

મુંબઈ

‘બિગ બોસ 11’ ની કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલી એક્ટ્રેસ બેનાફશા સુનાવાલા ભલે આ દિવસોમાં ટીવી અને ફિલ્મોથી દૂર હોય, પરંતુ સોશિયલ મીડિયા પર તેની બોલ્ડ અને ગ્લેમરસ તસવીરો સતત સુર્ખીઓ બટોરતી રહે છે. તાજેતરમાં એક્ટ્રેસે તેના બાલી (Bali) વેકેશનની કેટલીક હોટ તસવીરો શેર કરી છે, જેમાં તેનો બોલ્ડ અંદાજ અને બદલાયેલો અવતાર ભારે ચર્ચામાં આવ્યો છે. બેનાફશાએ બાલીના એક લોકલ ફ્રૂટ અને વેજિટેબલ માર્કેટમાં બિકિની પહેરીને અનોખું ફોટોશૂટ કરાવ્યું હતું. ક્યારેક હાથમાં નાળિયેર લઈને પોઝ આપતી તો ક્યારેક શાકભાજી અને ફળો વચ્ચે ઊભી રહીને કેમેરા સામે સ્ટાઈલિશ અંદાજમાં ફોટા પડાવતી જોવા મળી હતી. તેનું આ અનોખું ફોટોશૂટ સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. તસવીરોમાં બેનાફશા હદથી વધુ સ્લિમ અને ટોન્ડ નજરે પડી રહી છે, જેમાં તેની પાંસળીઓ પણ સ્પષ્ટ દેખાઈ રહી છે.

‘હાડપિંજર જેવી લાગે છે’ - યુઝર્સે કરી ચિંતા વ્યક્ત

બેનાફશાનો આ બદલાયેલો લુક જોઈને તેના ફેન્સ અને સોશિયલ મીડિયા યુઝર્સ આશ્ચર્યચકિત થઈ ગયા છે. કેટલાક યુઝર્સે કોમેન્ટ કરતાં લખ્યું કે તેણે ખૂબ જ વધારે વજન ઘટાડી દીધું છે અને તે હવે ‘કંકાલ’ (હાડપિંજર) જેવી દેખાઈ રહી છે. કેટલાક લોકોએ તેના આ બોલ્ડ લુકના વખાણ કર્યા હતા, તો વળી કેટેલાક યુઝર્સે તેને પોતાના સ્વાસ્થ્ય પર યોગ્ય ધ્યાન આપવાની સલાહ આપી હતી. બાલીના તડકામાં વેકેશન માણી રહેલી બેનાફશાનો સ્કિન ટોન પણ પહેલાં કરતાં વધુ ટેન થયેલો દેખાય છે. ખુલ્લા વાંકડિયા વાળ, બિકિની લુક અને બીચ વાઈબ્સે તેના આખા ફોટોશૂટને એક અલગ જ લુક આપ્યો છે. ઘણા ફેન્સે તેના આ નેચરલ ટેન લુકના વખાણ પણ કર્યા હતા. બીજી તરફ, સોશિયલ મીડિયા ટ્રોલ્સ અને નકારાત્મક કોમેન્ટ્સથી બચવા માટે બેનાફશાએ પોતાના આ ઈન્સ્ટાગ્રામ પોસ્ટનું કોમેન્ટ સેક્શન લિમિટેડ કરી દીધું છે. ‘બિગ બોસ 11’ ની કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલી એક્ટ્રેસ બેનાફશા સુનાવાલા ભલે આ દિવસોમાં ટીવી અને ફિલ્મોથી દૂર હોય, પરંતુ સોશિયલ મીડિયા પર તેની બોલ્ડ અને ગ્લેમરસ તસવીરો સતત સુર્ખીઓ બટોરતી રહે છે.

**બોલ્ડ અંદાજ અને બદલાયેલો અવતાર ભારે ચર્ચામાં આવ્યો છે**

# 'ગજની' ફેમ એક્ટરનું પ્રદીપ રાવતનું નિધન

## પ્રદીપ લાંબા સમયથી બ્લડ કેન્સર જેવી ગંભીર બીમારી સામે ઝૂઝી રહ્યા હતા



મુંબઈ

'ગજની', 'લગાન' અને 'મહાભારત' જેવી સુપરહિટ ફિલ્મો અને ટીવી સીરિયલોમાં પોતાની દમદાર એક્ટિંગથી દર્શકોના દિલ જીતનારા પ્રખ્યાત બોલીવૂડ એક્ટર પ્રદીપ રાવતનું ચોથી ઓગસ્ટના રોજ 74 વર્ષની વયે નિધન થતાં ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રદીપ લાંબા સમયથી બ્લડ કેન્સર જેવી ગંભીર બીમારી સામે ઝૂઝી રહ્યા હતા. તાજેતરમાં તેમની બીમારી ઉથલો મારતા તબિયત લથડી હતી અને મંગળવારે સાંજે મુંબઈ નજીક આવેલા ભિવંડીની એક હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પ્રખ્યાત અભિનેતા પ્રદીપ રાવતના નિધનના સમાચારથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર ફરી વળી છે. ઈન્ડિયન ફિલ્મ અને મનોરંજન જગતમાં તેમનું યોગદાન અદ્વિતીય રહ્યું છે. તેમણે હિન્દી ફિલ્મો સિવાય તમિળ, તેલુગુ, કન્નડ અને મલયાલમ જેવી સાઉથની ફિલ્મોમાં પણ વિલનના પાત્રો ભજવીને પોતાની ખાસ ઓળખ બનાવી હતી. પરંતુ શું તમે જાણો છો કે બોલીવૂડમાં સફળતા મળવા છતાં તેમણે સાઉથ સિનેમા તરફ કેમ પ્રયાણ કર્યું હતું? પ્રદીપ રાવતે પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત આઈકોનિક ટેલિવિઝન સિરિયલ 'મહાભારત' માં અશ્વત્થામાના દમદાર પાત્રથી કરી હતી. આ રોલથી તેમને ઘર-ઘરમાં ઓળખ મળી. ત્યારબાદ તેમણે બોલિવૂડની 'સરફરોશ', 'લગાન' અને 'ગજની' જેવી ઘણી હિટ ફિલ્મો અને ટીવી શોમાં કામ કર્યું. હિન્દી ફિલ્મોમાં કામ કર્યા બાદ પ્રદીપ રાવતે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં કદમ મૂક્યો હતો. સાઉથમાં તેમનો પહેલો મોટો અને અગત્યનો બ્રેક દિગ્ગજ ફિલ્મ મેકર એસ.એસ. રાજામૌલી (S.S. Rajamouli) ની 2004માં આવેલી તેલુગુ ફિલ્મ 'સ્યે' (Sye)માં મળ્યા હતા.

# ધકધક ગર્લ માધુરી દીક્ષિતે કરોડોમાં વેચી મુંબઈની પ્રોપર્ટી

## વર્તમાન કિંમતના હિસાબે આ પ્રોપર્ટીના મૂલ્યમાં લગભગ 824 ટકા એટલે કે આશરે 9 ગણો જંગી વધારો થયો છે

મુંબઈ

બોલીવૂડની 'ધક ધક ગર્લ' માધુરી દીક્ષિત ફરી એકવાર પોતાની કરોડો રૂપિયાની રિયલ એસ્ટેટ ડીલને કારણે ચર્ચામાં આવી છે. મળતી માહિતી મુજબ ધકધક ગર્લ માધુરી દીક્ષિતે મુંબઈના પોશ વિસ્તાર અંધેરી વેસ્ટમાં આવેલી પોતાની એક આલીશાન કોમર્શિયલ ઓફિસ કરોડો રૂપિયામાં વેચી દીધી છે. ખાસ વાત એ છે કે આ પ્રોપર્ટીમાંથી તેમને આશરે અઢાર વર્ષ બાદ જબરદસ્ત વળતર મળ્યું છે.

ચાલો જોઈએ શું છે આખી સ્ટોરી વિસ્તારથી... પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજોના ડેટા અનુસાર, માધુરી દીક્ષિતે મુંબઈના અંધેરી વેસ્ટમાં આવેલો પોતાનો કોમર્શિયલ ઓફિસ સ્પેસ 4.85 કરોડ રૂપિયામાં વેચી દીધી છે. આ ઓફિસ સ્પેસ 'ફ્રેમ્સ પ્રોડક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા ખરીદવામાં આવ્યો છે અને આ સોદાનું રજિસ્ટ્રેશન 23મી જૂન, 2026ના રોજ થયું હતું. રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા અનુસાર માધુરીએ 14મી મે, 2008ના રોજ આ ઓફિસ માત્ર 52.5 લાખ રૂપિયામાં ખરીદી હતી. વર્તમાન કિંમતના હિસાબે આ પ્રોપર્ટીના મૂલ્યમાં લગભગ 824 ટકા એટલે કે આશરે 9 ગણો જંગી વધારો થયો છે. અંધેરી વેસ્ટમાં લિંક રોડ પાસે ઓશિવારા ખાતે સ્થિત 'મૌર્યા લેન્ડમાર્ક-II પ્રેમાઈસિસ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ' બિલ્ડિંગના ચોથા માળે આ ઓફિસ આવેલી છે. આ ઓફિસનો કાર્પેટ એરિયા 1,594.24 સ્ક્વેર ફીટ છે. આ ડીલ પર 29.10 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી હતી અને તેમાં 3 કાર પાર્કિંગ સ્પેસ પણ સામેલ છે. અંધેરીની પ્રોપર્ટી વેચવા ઉપરાંત, માધુરી દીક્ષિતે માર્ચ, 2026માં મુંબઈના લોઅર પરેલમાં આવેલા 'વન લોઢા પ્લેસ' માં 731 સ્ક્વેર ફીટનો કોમર્શિયલ ઓફિસ સ્પેસ પાંચ વર્ષ માટે લીઝ પર એટલે કે ભાડા પર લીધી છે. આ સ્પેસનું કુલ ભાડું 2.81 કરોડ રૂપિયા છે અને પ્રથમ વર્ષનું માસિક ભાડું 4.25 લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.





# પ્રીતિ ઝિન્ટા સાથે અફેરની ચર્ચા અંગે બ્રેટ લીએ 16 વર્ષ બાદ તોડ્યું મૌન

## બ્રેટ લીએ જણાવ્યું કે અમારી વચ્ચે ક્યારેય કોઈ રોમાન્ટિક સબંધ નહોતો, બંને એકબીજાના સારા મિત્રો રહ્યા છે

મુંબઈ

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના ફાસ્ટ પૂર્વ બોલર બ્રેટ લી ચર્ચામાં રહેતા હોય છે. એક સમય હતો જ્યારે તેણે બૉલિવૂડમાં પણ પોતાનું નસીબ અજમાવ્યું હતું, પરંતુ કમાલ કરી શક્યો નહોતો જોકે, એ વખતે બ્રેટ લીની ડિમ્પલ ગર્લ પ્રીતિ ઝિન્ટા સાથે ડેટિંગની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. કેટલાય વર્ષો સુધી આ વાતે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. હવે 16 વર્ષ બાદ ક્રિકેટરે મૌન તોડતા ડેટિંગની આ વર્ષો જૂની અફવાઓ પર ખુલીને સ્પષ્ટતા કરી હતી. બ્રેટ લીએ જણાવ્યું કે અમારી વચ્ચે ક્યારેય કોઈ રોમાન્ટિક સબંધ નહોતો. બંને એકબીજાના સારા મિત્રો રહ્યા છે અને તે પ્રીતિનું ખૂબ સન્માન કરે છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન જ્યારે બ્રેટ લીએ વાત કરતા જણાવ્યું કે પ્રીતિ સાથે તેમની મિત્રતા સારી છે અને તે સમયે જ્યારે તેઓ મિત્ર બન્યા ત્યારે પ્રીતિ પંજાબ કિંગ્સ ટીમની કો-પાર્ટનર હતી. તે અત્યંત સમજદાર મહિલા છે અને આ ખબરોથી ક્યારેય તેઓ મુશ્કેલીમાં નથી પડ્યા કેમ કે તેઓ સત્ય જાણતા હતા. લોકો જે પણ અટકળો લગાવે પણ તેની અસર તેના પર થવા દીધી નહોતી. 2008થી 2011 વચ્ચે ઉડી હતી અફવા ડિમ્પલ ગર્લ પ્રીતિ અને બ્રેટ લીના અફેરની અફવા 2008થી 2011 દરમિયાન ઉડી હતી. તે સમયે બ્રેટ લી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં પંજાબ કિંગ્સ ટીમનો ભાગ હતા. મુંબઈના એક રેસ્ટોરામાં બંને સાથે દેખાયા બાદ અફવાએ જોર પકડ્યું હતું. જોકે, વર્ષ 2010માં જ પ્રીતિ ઝીન્ટાએ આ ખબરો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. પ્રીતિએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે દર વર્ષે બ્રેટ લી સાથે નામ જોડવું જૂની વાત થઈ ગઈ છે, તેઓ ફક્ત સારા મિત્રો છે. બંનેનું અંગત અને વ્યવસાયિક જીવન અંગત જીવનની વાત કરીએ તો બ્રેટ લીએ 2006માં એલિઝાબેથ કેમ્પ સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેને એક દીકરો છે. જો કે 2009માં બંને છુટા પડી ગયા હતા. ત્યારબાદ બ્રેટ લીએ 2014માં લાના એન્ડરસન સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેને બે બાળકો છે. જ્યારે પ્રીતિ ઝીન્ટાએ 2016માં લોસ એન્જલસમાં જિન ગુડઈનફ સાથે લગ્ન કર્યા હતા.

# ‘સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે’ માત્ર 6 દિવસમાં 300 કરોડની કમાણી કરનારી પ્રથમ હોલિવુડ ફિલ્મ બની

મુંબઈ

માર્વેલ સુપરહરો ફિલ્મ ‘સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે’ (Spider-Man: Brand New Day) રિલીઝ થતાની સાથે જ ભારતીય બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. 30 જુલાઈએ ભારતમાં અને 31 જુલાઈએ વૈશ્વિક સ્તરે રિલીઝ થયેલી ટ્રેડિશનલ માર્વેલ ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મે ભારતમાં એક એવો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે જે અત્યાર સુધી કોઈ પણ હોલિવુડ ફિલ્મ કરી શકી નથી. ડેસ્ટિન ડેનિયલ ક્રેટન (Destin Daniel Cretton) ના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે ભારતમાં રિલીઝના પ્રથમ 6 દિવસની અંદર જ નેટ કલેક્શનમાં રૂપિયા 300 કરોડનો આંકડો પાર કરી લીધો છે. આ ફિલ્મે છઠ્ઠા દિવસે એટલે કે મંગળવારે રૂપિયા 21.50 કરોડનો બિઝનેસ કર્યો. મંગળવારે ફિલ્મની એકંદર અંગ્રેજી ઓક્યુપેન્સી 24.97%



રહી હતી, જેમાં સૌથી વધુ નાઈટ શોમાં 33% અને ઈવનિંગ શોમાં 28.89% ઓક્યુપેન્સી જોવા મળી હતી. આ ફિલ્મની કુલ કમાણીની વિગતવાર ચર્ચામાં કરવામાં આવે તો ક્રમશઃ પહેલા દિવસે 60.60 કરોડ રૂપિયા, બીજા દિવસે 49.35 કરોડ રૂપિયા, ત્રીજા દિવસે 70.25 કરોડ રૂપિયા, ચોથા દિવસે 77.75 કરોડ રૂપિયા, પાંચમા દિવસે 23.80 કરોડ રૂપિયા અને છઠ્ઠા દિવસે 21.50 કરોડ રૂપિયાની કમાણી સાથે કુલ 303.25 કરોડ રૂપિયા ભારતીય બોક્સ ઓફિસ પરથી છાપી લીધા છે. નવા રેકોર્ડ્સ અને શાનદાર સ્ટાર કાસ્ટ પ્રથમ વિકેન્ડ પર ફિલ્મને દર્શકોનો અદ્ભુત પ્રતિસાદ મળ્યો હતો. સપ્તાહાંત બાદ સોમવારથી કલેક્શનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો હોવા છતાં, ફિલ્મની મજબૂત પકડ જળવાઈ રહી છે. આ સાથે આ ફિલ્મે ક્રિસ્ટોફર નોલનની ‘ધ ઓડિસી’ના ભારતીય બોક્સ ઓફિસ રેકોર્ડને પાછળ છોડી દીધો છે. એટલું જ નહીં, રિલીઝના માત્ર ત્રણ જ દિવસમાં રૂપિયા 200 કરોડનું ગ્રોસ કલેક્શન કરનારી આ ભારતની સૌથી ઝડપી હોલિવુડ ફિલ્મ પણ બની ગઈ છે.

### 22 ફેબ્રુઆરીથી 23 માર્ચ 2027 દરમિયાન 10 ટીમો વચ્ચે ક્વૉલિફાયર રમાશે

# ICCએ વનડે વર્લ્ડ કપ 2027ના ક્વૉલિફાયર શિડ્યૂલની કરી જાહેરાત

દુબઈ

આગામી વર્ષે રમાનારા 2027 વનડે વર્લ્ડ કપનું શિડ્યૂલ જાહેર થઈ ગયુ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ ટૂર્નામેન્ટના ક્વૉલિફાયરની તારીખોની જાહેરાત કરી દીધી છે. 10 ટીમો વચ્ચે વર્ષ 2027ની ક્વૉલિફાયર 22 ફેબ્રુઆરીથી 23 માર્ચ વચ્ચે રમાશે. તારીખોની જાહેરાત તો થઈ ગઈ છે, પરંતુ હજુ એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે, ક્વૉલિફાયર મેચ ક્યાં રમાશે, એટલે કે, વેન્યૂને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી નથી. જોકે, આગામી વિશ્વકપ નવા ફોર્મેટમાં રમાશે, જેમાં 14 ટીમો ભાગ લેશે. ક્વૉલિફાયરમાં વિજેતા બનનારી ટીમ ડાયરેક્ટ 14 ટીમોના ગ્રુપમાં સ્થાન મેળવશે. ક્વૉલિફાયરમાં બીજા, ત્રીજા અને ચોથા સ્થાને રહેલી ટીમો વચ્ચે 'સુપર સિરીઝ' રમાશે, જે વિશ્વકપનો પહેલો રાઉન્ડ હશે. આ રાઉન્ડમાં વિજેતા બનનારી ટીમ ટોપ-12માં સ્થાન પાકું કરશે. ત્રણ દેશોની યજમાનીમાં રમાશે વર્લ્ડ કપ આ વખતનો વિશ્વકપ ત્રણ




દેશોની યજમાનીમાં રમાશે, જેમાં દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા સામેલ છે. ટૂર્નામેન્ટની તમામ મેચો 12 અલગ-અલગ સ્ટેડિયમમાં રમાશે. જેમાં સૌથી વધુ 8 વેન્યૂ દક્ષિણ આફ્રિકાના હશે. બાકીના 3 વેન્યૂ ઝિમ્બાબ્વે અને 1 નામિબિયાનું હશે. વિશ્વકપ 04 ઓક્ટોબરથી 21 નવેમ્બર વચ્ચે રમાશે. ક્વૉલિફાયરમાં 10 ટીમો સામેલ થશે, જેમાં 30 સપ્ટેમ્બર 2026 સુધી ODI રેન્કિંગમાં સૌથી નીચેની બે 'ફુલ મેમ્બર' ટીમો (યજમાન દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને છોડીને), CWC લીગ 2 ની ટોપ ચાર ટીમો અને વર્લ્ડ કપ ક્વૉલિફાયર પ્લેઓફની ટોપ ચાર ટીમો ભાગ લેશે. વેસ્ટ ઈન્ડિઝ પર મંડરાઈ રહ્યું છે સંકટ છેલ્લા એટલે કે, 2023ના વનડે વર્લ્ડ કપમાં પણ વેસ્ટ ઈન્ડિઝ ક્વૉલિફાયરમાંથી બહાર થઈ ગયું હતું. હવે ફરી એકવાર વેસ્ટ ઈન્ડિઝ પર ક્વૉલિફાયર રમવાનું સંકટ મંડરાતું જોવા મળી રહ્યું છે. ટીમ હાલમાં વનડે રેન્કિંગમાં 10મા સ્થાને છે. 30 સપ્ટેમ્બરની કટ ઓફ ડેટ પહેલા કેરેબિયન ટીમે માત્ર 2 વનડે રમવાની છે, જે ભારત સામે હશે. આ સિવાય અફઘાનિસ્તાન અને આયર્લેન્ડ વચ્ચે રમાનારી વનડે સિરીઝ પણ વેસ્ટ ઈન્ડિઝ પર અસર કરશે. જો આયર્લેન્ડ ઓછામાં ઓછું 4-1થી અથવા 5-0થી જીતે અને વેસ્ટ ઈન્ડિઝ પણ ભારત સામેની બંને વનડે જીતી લે, તો તેમની ટોપ-8માં પહોંચવાની આશા રહેશે.

## નીરજ ચોપરાએ કોમનવેલ્થ ગેમ્સના સિલ્વરને ખાસ ગણાવ્યો

સિડની

ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકેલા જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ કોમનવેલ્થ ગેમ્સ 2026માં જીતેલા સિલ્વર મેડલને એક ખાસ સિદ્ધિ ગણાવી છે.

નીરજે કહ્યું કે આ મેડલ તેના માટે એટલા માટે પણ ખાસ છે, કારણ કે તેણે છેલ્લા 10 મહિનામાં ઘણી ઈજાઓ અને મુશ્કેલ રિકવરી પ્રક્રિયાનો સામનો કર્યો છે. નીરજે જેવલિન થ્રો ઈવેન્ટમાં 85.83 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે સિલ્વર જીત્યો હતો, જ્યારે યશવીર સિંહે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ ભારત માટે પોડિયમ પર યાદગાર ફિનિશ રહી. નીરજે લખ્યું કે કેટલાક થ્રો દૂર સુધી જાય છે, પરંતુ કેટલાક પળો આખી યાત્રાનો ભાર વહન કરે છે. આ મેડલ અંતર કરતાં ઘણું વધારે મહત્વ ધરાવે છે. છેલ્લા 10 મહિના મારા માટે ખૂબ જ પડકારજનક રહ્યા.

મેં ઘણી ઈજાઓમાંથી બહાર આવવા, શરીરને ફરીથી તૈયાર કરવા અને મારી લય પાછી મેળવવા માટે સંઘર્ષ કર્યો. નીરજે આગળ કહ્યું કે જ્યારે હું ફક્ત સ્પર્ધા કરવા માંગતો હતો, ત્યારે મારે ધીરજ રાખતા શીખવું પડ્યું. હું દરરોજ ટ્રેનિંગ લઈ રહ્યો હતો, પરંતુ મને ખબર નહોતી કે શું હું આ વર્ષે કોઈ સીઝનમાં ભાગ લઈ શકીશ.

### શ્રીલંકા સામે ટેસ્ટની તૈયારી

## હર્ષ, શિવાંગ, તનુષ અને વિપરાજ ટીમના નેટ બોલર

રાંચી

શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટની તૈયારીઓને મજબૂત કરવા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ ઈન્ડિયાના કેમ્પમાં ચાર નેટ બોલરોનો સમાવેશ કર્યો છે.

બોર્ડે બુધવારે જણાવ્યું કે હર્ષ દુબે, શિવાંગ કુમાર, તનુષ કોટિયાન અને વિપરાજ નિગમ પ્રેક્ટિસ સેશન દરમિયાન ભારતીય બેટર્સને બોલિંગ કરશે, જેથી તેમને મેચ જેવી પરિસ્થિતિઓમાં તૈયારી કરવાની તક મળી શકે. BCCIએ સત્તાવાર માહિતી આપી BCCIએ પોતાના નિવેદનમાં કહ્યું, 'હર્ષ દુબે, શિવાંગ કુમાર, તનુષ કોટિયાન અને વિપરાજ નિગમ શ્રીલંકા સામેની પ્રથમ



ટેસ્ટ પહેલા તૈયારીઓમાં મદદ કરવા માટે નેટ બોલરો તરીકે ટીમ સાથે જોડાયા છે.' આ ચારેય ખેલાડીઓએ તાજેતરની ડોમેસ્ટિક સીઝનમાં સારું પ્રદર્શન કર્યું છે. તનુષ કોટિયન અને હર્ષ દુબે સ્પિન બોલર છે. માનવામાં આવે છે કે શ્રીલંકાની સ્પિન પડકારને ધ્યાનમાં રાખીને તેમને નેટ્સમાં સામેલ કર્યા છે. જ્યારે શિવાંગ કુમાર અને વિપરાજ નિગમ પણ અલગ-અલગ પ્રકારની બોલિંગથી બેટર્સને પ્રેક્ટિસ કરાવશે.

શ્રીલંકા સિરીઝની તૈયારી પર ફોકસ ભારતીય ટીમ મેનેજમેન્ટ પ્રથમ ટેસ્ટ પહેલા તૈયારીમાં કોઈ કમી છોડવા માંગતું નથી. નેટ સેશનમાં આ ચારેય બોલર બેટર્સને મેચ જેવી પરિસ્થિતિઓમાં પ્રેક્ટિસ કરાવશે, જેથી ટીમ પ્રથમ ટેસ્ટ માટે વધુ સારી રીતે તૈયાર થઈ શકે.

# બુમરાહની જગ્યાએ ચાન્સ ન મળતાં શમીએ મૌન તોડ્યું

### બુમરાહની ગેરહાજરીમાં શમીને તક મળશે તેવી અપેક્ષા હતી

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી બોલર મોહમ્મદ શમીને શ્રીલંકા સામેની 2 ટેસ્ટ મેચની શ્રેણીમાં પસંદ કરવામાં આવ્યો નથી. જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં શમીને તક મળશે તેવી અપેક્ષા હતી, પરંતુ પસંદગીકારોએ જમ્મુ-કાશ્મીરના યુવા બોલર આકિબ નબીને પસંદ કર્યો. આ મુદ્દે શમીએ કહ્યું કે, 'મારું કામ પ્રયાસ કરવાનું છે, પસંદગી કરવી તે સિલેક્ટર્સનો નિર્ણય છે.' આકિબ નબી જમ્મુ-કાશ્મીરનો 3જો ખેલાડી છે જેને સિનિયર ટીમમાં સ્થાન મળ્યું છે.



ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી અને ટોચના ઝડપી બોલર મોહમ્મદ શમીને લઈને એક મોટો અપડેટ સામે આવ્યો છે. ભારતીય ટીમનો સ્ટાર બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજામાંથી સંપૂર્ણપણે ઉગરી ન શકવાને કારણે શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોની સીરિઝમાંથી બહાર થઈ શકે છે. બુમરાહ ગેરહાજર હોવાથી એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે મોહમ્મદ શમીને ભારતીય ટીમમાં પુનઃ સ્થાન મળશે, પરંતુ પસંદગીકારોએ શમીના સ્થાને જમ્મુ-કાશ્મીરના યુવા ઝડપી બોલર આકિબ નબીને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે. આકિબ નબી ભારતીય સીનિયર ટીમમાં સ્થાન મેળવનાર જમ્મુ-કાશ્મીરનો ત્રીજો ખેલાડી બનશે. આ પહેલાં પરવેઝ રસૂલ અને ઉમરાન મલિકને ભારતીય સીમિત ઓવરોની ટીમમાં તક મળી ચૂકી છે. આકિબની સરપ્રાઈઝ એન્ટ્રી બાદ હવે શમી માટે ભારતીય ટીમમાં વાપસીના દ્વાર લગભગ બંધ થતાં દેખાઈ રહ્યા છે. ટીમમાં પસંદગી ન થવા અંગે મોહમ્મદ શમીનું નિવેદન શ્રીલંકા પ્રવાસ માટે પસંદગીકારો દ્વારા અણદેખા કરાયા બાદ મોહમ્મદ શમીએ એક ઈન્ટરવ્યુમાં પોતાની વાપસી અને ટીમ સિલેક્શન અંગે પ્રતિક્રિયા આપી હતી. શમીએ જણાવ્યું હતું કે, 'હું હજુ પણ સતત સખત મહેનત કરી રહ્યો છું અને સતત પ્રયાસો ચાલુ રાખ્યા છે. હું આગામી વર્લ્ડ કપની તૈયારીઓ પણ કરી રહ્યો છું અને ટીમમાં સ્થાન મેળવવા માંગુ છું, જેના માટે હું નેટ્સમાં કઠિન પ્રેક્ટિસ કરી રહ્યો છું. મેં પહેલાં પણ કહ્યું છે કે મારું કામ પ્રયાસ કરવાનું છે, ટીમમાં પસંદગી કરવી કે ન કરવી તે સિલેક્ટર્સનો નિર્ણય છે.' ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન છતાં વાપસી મુશ્કેલ 36 વર્ષના થઈ રહેલા મોહમ્મદ શમીની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના આંકડા અને વર્તમાન સ્થિતિ નીચે મુજબ છે: T20Iમાં છેલ્લી મેચ: મોહમ્મદ શમીએ છેલ્લે 2025માં ઈંગ્લેન્ડ સામે ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.



### ચાઈલ્ડ પોર્ન-ડીપફેક કન્ટેન્ટ પર સરકારે નારાજગી વ્યક્ત કરી હતી

# મેટાના સ્થાપક માર્ક ઝકરબર્ગે સરકારની માફી માંગી

મુંબઈ

મેટાના CEO માર્ક ઝકરબર્ગે ભારત સરકાર પાસેથી બાળ યૌન શોષણ સામગ્રી, ડીપફેક કન્ટેન્ટ અને પ્લેટફોર્મના સંચાલનમાં થયેલી ભૂલો બદલ માફી માંગી છે. આ માહિતી ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોને ટાંકીને આપી છે. આજે જ સંસદીય સમિતિએ 3 દિવસની અંદર બિનશરતી માફી માંગવા જણાવ્યું હતું. સાથે જ ચેતવણી આપી હતી કે જો આવું નહીં થાય, તો મેટાને ભારતમાં મળતી કાનૂની સુરક્ષા અને કેટલીક છૂટછાટો પાછી ખેંચવા પર વિચાર કરી શકાય છે. આ જ મામલે IT મંત્રાલય અને મેટાના અધિકારીઓ વચ્ચે બે દિવસીય બેઠક ચાલી રહી છે. સરકારે મેટાની ગ્લોબલ ટીમને દિલ્હી બોલાવી છે. 5 ઓગસ્ટે




બેઠકનો પહેલો દિવસ હતો. સરકાર PM મોદીનો વીડિયો ફેસબુક પરથી હટાવવાથી પણ નારાજ હતી. મોદીએ 23 જુલાઈએ આ વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં તેમણે પેપર લીકને મોટી સમસ્યા ગણાવી હતી. તેમણે આવા કેસોની ઝડપી સુનાવણી માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની પણ વાત કરી હતી. આ વીડિયો થોડા સમય માટે ફેસબુક પરથી હટાવી દેવામાં આવ્યો હતો. બાદમાં મેટાએ તેને ફરીથી ફેસબુક પર મૂક્યો હતો. મેટાના પ્રતિનિધિઓ IT બાબતોની સંસદીય સ્થાયી સમિતિ સમક્ષ હાજર થયા હતા. સમિતિના સભ્યોએ મેટાને પ્લેટફોર્મમાં રહેલા અલ્ગોરિધમના પક્ષપાત અને કન્ટેન્ટ મોડરેશનની પ્રક્રિયા અંગે સવાલો કર્યા હતા. સાંસદોનો આરોપ હતો કે પ્લેટફોર્મ પર અશ્લીલ અને વાંધાજનક સામગ્રી સરળતાથી ઉપલબ્ધ રહે છે, જ્યારે યોગ્ય કન્ટેન્ટ હટાવી દેવામાં આવે છે. સમિતિએ મેટાના CEO માર્ક ઝકરબર્ગને આ સમગ્ર ઘટનાક્રમ પર 3 દિવસની અંદર બિનશરતી માફી માંગવાની માગ કરી છે.

### હાલ પાયલોટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જે સફળ થતાં જ નોટ સર્ક્યુલેશનમાં આવશે

# 10 અને 20 રૂપિયાની પ્લાસ્ટિકની ચલણી નોટ ક્યારે આવશે? RBI ગવર્નરે જણાવ્યો સમય

**આરબીઆઈએ MPC બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેતા FY28થી પ્લાસ્ટિક કરન્સી બજારમાં લાવવાની જાહેરાત કરી છે. 10 અને 20 રૂપિયાની 100-100 કરોડ પોલિમર નોટના ફિલ્ડ ટ્રાયલને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે**

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા બુધવારે એમપીસી (MPC) બેઠકના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. આ બેઠકમાં રેપો રેટને સ્થિર રાખવાની સાથે એક નવો અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય પોલિમર નોટ એટલે કે પ્લાસ્ટિક કરન્સી સાથે જોડાયેલો છે. કેન્દ્ર સરકાર દ્વારા અગાઉ 10 રૂપિયા અને 20 રૂપિયાની પોલિમર કરન્સી નોટ બહાર પાડવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દેવામાં આવી હતી. હવે આ અંગે ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે નાણાકીય વર્ષ 2028 (FY28)ની શરૂઆતમાં આ નોટ બજારમાં સર્ક્યુલેશનમાં લાવી દેવામાં આવશે. પોલિમર નોટનો પાયલોટ પ્રોજેક્ટ આરબીઆઈ ગવર્નરે મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે બેંકનું મુખ્ય લક્ષ્ય નાણાકીય વર્ષ 2028ની શરૂઆતમાં આ




પ્લાસ્ટિક નોટને બજારમાં ચલણમાં લાવવાની છે. તે માટે અત્યારથી જ તબક્કાવાર તૈયારીઓ ચાલી રહી છે. હાલમાં આ પોલિમર નોટનો પાયલોટ પ્રોજેક્ટ પ્રક્રિયા હેઠળ છે. તેને સંપૂર્ણ રીતે બજારમાં ઉતારતા પહેલાં તમામ સુરક્ષા પાસાંઓનું ઝીણવટભર્યું મૂલ્યાંકન અને કડક પરીક્ષણ કરવામાં આવશે. નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં જ સંસદમાં આ પ્રસ્તાવ અંગે માહિતી આપતાં મંજૂરી આપાઈ હોવાનું જાહેર કરાયું હતું. પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે 10 રૂપિયા અને 20 રૂપિયાના મૂલ્યની 100-100 કરોડ (એક-એક અબજ) પોલિમર નોટના ફિલ્ડ ટ્રાયલ માટે મંજૂરી આપી દીધી છે. જો આ પાયલોટ અને ફિલ્ડ ટ્રાયલ સફળ રહેશે, તો ત્યારબાદ આ નોટને કાયમી ધોરણે બહાર પાડવાની યોજના અમલમાં મુકાશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે નવી પ્લાસ્ટિક નોટ આવવાથી હાલમાં ચલણમાં રહેલા 10 અને 20 રૂપિયાના કાગળની નોટ પર કોઈ અસર પડશે નહીં. એટલે કે જૂની કાગળની નોટ બંધ થશે નહીં, પરંતુ તે આ નવા પોલિમર નોટની સાથે જ બજારમાં ચાલુ રહેશે. કાગળની કરન્સીને સંપૂર્ણ રીતે બદલવાનો હાલમાં કોઈ પ્રસ્તાવ નથી. સામાન્ય કાગળની નોટની સરખામણીએ પોલિમર નોટનું આયુષ્ય વધુ હોય છે અને તે જલ્દી ફાટતી કે ખરાબ થતી નથી.

### મેટા અને ગૂગલે વાંધાજનક સામગ્રી હટાવવાની ખાતરી આપી

## E20 વિવાદમાં ગડકરીને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત, ડીપફેક-AI કન્ટેન્ટ હટાવવા આદેશ

મુંબઈ

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીને E20 ઈંધણ વિવાદ સાથે જોડીને સોશિયલ મીડિયા પર વાયરલ કરાઈ રહેલા ડીપફેક વીડિયો અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) થી બનાવાયેલી તસવીરોના મામલે બોમ્બે હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. બોમ્બે હાઈકોર્ટે મંત્રીની અરજી પર સુનાવણી કરતા આવા તમામ વાંધાજનક કન્ટેન્ટને તાત્કાલિક ધોરણે પબ્લિક પ્લેટફોર્મ પરથી હટાવવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ આરિફ ડોક્ટરની બેંચે નીતિન ગડકરીના વકીલ સંદીપ લડ્ઢાની દલીલો સાંભળ્યા બાદ આ આંતરિમ આદેશ જારી કર્યો હતો. 'અશ્લીલ સામગ્રી માટે પબ્લિક પ્લેટફોર્મ



પર કોઈ જગ્યા નથી' સુનાવણી દરમિયાન અરજદારના વકીલે કોર્ટ સમક્ષ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ઈન્સ્ટાગ્રામ રીલ અને AI જનરેટેડ કન્ટેન્ટ રજૂ કર્યું હતું. આ સામગ્રી જોયા બાદ જસ્ટિસ આરિફ ડોક્ટરે સખત વલણ અપનાવતા કહ્યું હતું કે, અરજીમાં દર્શાવવામાં આવેલું કન્ટેન્ટ અત્યંત આપત્તિજનક અને અશ્લીલ છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આવા કન્ટેન્ટ માટે કોઈ પણ સાર્વજનિક પ્લેટફોર્મ પર કોઈ જગ્યા હોઈ ન શકે, કારણ કે આ પ્લેટફોર્મ્સ બાળકો અને યુવાનો સહિત તમામ માટે સરળતાથી ઉપલબ્ધ હોય છે. કોર્ટે માન્યું કે ગડકરી વતી વચગાળાની રાહત મેળવવા માટે મજબૂત પુરાવા અને આધાર રજૂ કરવામાં આવ્યા છે. આ કેસની સુનાવણી દરમિયાન સોશિયલ મીડિયા કંપનીઓ મેટા (Meta) અને ગૂગલ (Google) તરફથી પણ કોર્ટમાં પક્ષ રાખવામાં આવ્યો હતો. બંને ટેક કંપનીઓએ અદાલતને ખાતરી આપી હતી કે અરજીમાં યાદીબદ્ધ કરવામાં આવેલી તમામ વાંધાજનક અને ડીપફેક સામગ્રીને તેઓ પ્લેટફોર્મ પરથી તાત્કાલિક હટાવી દેશે.

## સેન્સેક્સ 152 અંક વધીને 78,581 પર બંધ થયો

- **નિફ્ટી 10 અંક વધ્યો, રિયલ્ટી-ઓટો અને મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 5 ઓગસ્ટે તેજી જોવા મળી. સેન્સેક્સ 152 અંક વધીને 78,581 ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટીમાં 10 અંકનો વધારો થયો, તે 24,624 ના સ્તરે બંધ થયો. રિયલ્ટી-ઓટો અને મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી છે. ગઈકાલે એટલે કે 4 ઓગસ્ટે સેન્સેક્સ 210 અંક ઘટીને 78,428 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 159 અંકનો ઘટાડો રહ્યો, તે 24,614 ના સ્તરે બંધ થયો. બપોરે 2:00 વાગ્યા સુધીમાં, નિફ્ટી50 24,516.50 પર ટ્રેડ કરી રહ્યો હતો, જે 98.40 પોઈન્ટ અથવા 0.40 ટકા ઘટીને 78,354.47 પર રહ્યો હતો. જ્યારે બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં થયુ. સેન્સેક્સમાં 152.05 પોઈન્ટના વધારા સાથે 78,501.85 અંકના વધારા સાથે બંધ થયું. જ્યારે નિફ્ટી 9.75 પોઈન્ટના વધારા સાથે 24,624 અંકે બંધ થયું. RBI ની નાણાકીય નીતિ સમિતિ (MPC) એ રેપો રેટ 5.25 ટકા પર સ્થિર રાખવાનો નિર્ણય લીધો. કેન્દ્રીય બેંકે પણ તેનું 'તટસ્થ' નીતિ વલણ જાળવી રાખ્યું. RBI એ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના GDP વૃદ્ધિ દર 6.7 ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. દરમિયાન, ફુગાવો (CPI) ની આગાહી 5.1 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવી છે.

UGC કેટેગરી-IIની માન્યતા મળતા પોતાની રીતે નિર્ણય લઈ શકશે

# ગુજરાત યુનિવર્સિટી બની રાજ્યની પ્રથમ ઓટોનોમસ યુનિવર્સિટી: વિદેશી અધ્યાપકોની ડાયરેક્ટ નિમણૂક કરાશે



### ગુજરાતના વિદ્યાર્થીઓ હવે ઓછા ખર્ચે નવા કોર્સમાં અભ્યાસ કરી શકશે

નિયમ પ્રમાણે અત્યાર સુધી જો કોઈ યુનિવર્સિટીને નવા કોર્સ શરૂ કરવા હોય તો તેને UGCની મંજૂરી લેવી પડતી હોય છે. જો UGC મંજૂરી આપે તો જ કોર્સ શરૂ કરી શકાય છે. પરંતુ ગુજરાત રાજ્યની પહેલી એવી યુનિવર્સિટી હશે કે જે પોતાની રીતે સત્તા મંડળ સાથે ચર્ચા કરી નવા કોર્સ UGCની મંજૂરી વગર શરૂ કરી શકશે. જેથી મોંઘી ફી ભરીને વિદેશમાં અથવા અને અન્ય રાજ્યમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીમાં ઓછા ખર્ચે ઇન્ડસ્ટ્રીને જરૂર હોય તેવા કોર્સમાં અભ્યાસ કરી શકશે. જેથી ગુજરાતના વિદ્યાર્થીઓને તેનો ઘણો ફાયદો થવાનો છે.

અમદાવાદ

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ગુજરાત યુનિવર્સિટી(GU)ને યુજીસી કેટેગરી-II ગ્રેડેડ ઓટોનોમસ યુનિવર્સિટીની માન્યતા આપી છે. આ સિદ્ધિ સાથે ગુજરાત યુનિવર્સિટી ગુજરાતની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી બની ગઈ છે. હવે યુનિવર્સિટીને નવા કોર્સ શરૂ કરવા માટે કે પછી સિલેબસ તૈયાર કરવા માટે UGCની મંજૂરી નહીં લેવી પડે અને પોતાની રીતે નિર્ણય લઈ શકશે. આગામી સમયમાં અભ્યાસક્રમોમાં જરૂરી ફેરફારો કરી શકશે તેમજ વિદ્યાર્થીઓ માટે રોજગારલક્ષી, સ્કિલ આધારિત નવા કાર્યક્રમો અને વિદેશી અધ્યાપકોની ડાયરેક્ટ નિમણૂક કરી શકશે. ગુજરાત યુનિવર્સિટીના ઇન્ચાર્જ કુલપતિ ડૉ. જગદીશ જોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીને નેક A+ પરિણામ મળ્યું તેના કારણે તેમજ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતની પ્રતિષ્ઠિત 100 સંસ્થામાં સ્થાન પામેલ છે. જેથી આ ગ્રેડના આધારે ઓટોનોમસ યુનિવર્સિટી તરીકે મંજૂરી મળે તે માટે અરજી કરી હતી. સામાન્ય રીતે UGCના નિયમ પ્રમાણે રેન્કિંગમાં યુનિવર્સિટી જ્યારે સારો ગ્રેડ ધરાવતી હોય ત્યારે તેને ઑટોનોમીનું સ્ટેટસ મળતું હોય છે. જોકે હવે ગુજરાતની એક માત્ર એવી યુનિવર્સિટી છે જેને આ પ્રકારે ઑટોનોમિનું સ્ટેટસ મળ્યું હોય. UGC પર આધારિત રહ્યા વગર વહીવટી નિર્ણય સત્તામંડળ સાથે ચર્ચા કરીને નિર્ણય લઈ શકશે. ગુજરાત યુનિવર્સિટી કોઈ વિભાગ કે સ્કૂલ શરૂ કરવા માગતી હશે તો તે પણ નિર્ણય પોતાની રીતે જ લઈ શકશે.

કેટેગરી-II ગ્રેડેડ ઓટોનોમસ મળવાથી ગુજરાત યુનિવર્સિટી હવે સ્કિલ આધારિત અભ્યાસક્રમો શરૂ કરી શકશે. તેમજ ઉદ્યોગોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નવા સર્ટિફિકેટ, ડિપ્લોમા અને ડિગ્રી કોર્સ શરૂ કરવાની પણ છૂટ મળશે. યુનિવર્સિટી હવે પોતાની આવકમાંથી પ્રતિભાશાળી શિક્ષકો અને સંશોધકોની નિમણૂક કરી શકશે તેમજ જરૂરિયાત મુજબ કરાર આધારિત ફેકલ્ટી પણ રાખી શકશે. એટલું જ નહીં, વિદેશી યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક સહયોગ વધારવા અને આંતરરાષ્ટ્રીયકરણને પ્રોત્સાહન આપવા માટે પણ આ માન્યતા મહત્વપૂર્ણ સાબિત થશે. ગુજરાતી યુનિવર્સિટીને મેડિકલ કોલેજ કે પછી હોસ્પિટાલિટી મેનેજમેન્ટ કોલેજ શરૂ કરવાના પણ દરવાજા ખુલી ગયા છે.

### 70 વિદેશી અધ્યાપકોને નિમણૂક, 20% વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ

ડૉ. જગદીશ જોશીએ જણાવ્યું કે, ઇન્ડસ્ટ્રી માર્કેટની ફરિયાદ હોય છે કે વિદ્યાર્થીઓ ઇન્ડસ્ટ્રી માટે તૈયાર નથી. જેથી અમે ઉધોગની સાથે રહીને તેમની જરૂરિયાત પ્રમાણે તેવા પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. IIM અમદાવાદ, IIT ગાંધીનગર આ પ્રકારની મોટી સંસ્થામાં જ વિદેશો અધ્યાપકો વિધાર્થીઓને અભ્યાસ કરાવવા માટે આવતા હતા. અત્યાર સુધી વિદેશી વિધાર્થીઓને સીધો પ્રવેશ આપી શકતા નહોતા. પરંતુ હવે ઑટોનોમસ મળવાના કારણે વિદેશી વિધાર્થીઓને સીધો જ પ્રવેશ આપી શકીશુ. ઇન્ટેકના 20% જેટલા વિદેશી વિધાર્થીઓને સીધો જ પ્રવેશ આપી શકીશુ.

---

મનપસંદ જીમખાનાનું કાળું રહસ્ય: SMCના દરોડાથી ખળભળાટ!

## ખાખી સાથેની મિલીભગત, અનેક દરોડા છતાં જુગારધામ ચાલવાના આક્ષેપો પર મોટો ખુલાસો




અમદાવાદ

અમદાવાદના ઐતિહાસિક અને અતિ સંવેદનશીલ ગણાતા દરિયાપુર વિસ્તારમાં આવેલા ચર્ચિત 'મનપસંદ જીમખાના' પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે પાડેલા ત્રાટક દરોડા બાદ સમગ્ર પોલીસ બેડા અને રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. રમતગમત અને મનોરંજનના નામે ચાલતા આ જીમખાનાના આડમાં મોટું ગેરકાયદેસર કાળું કારોબાર અને જુગારધામ ધમધમી રહ્યું હોવાના ખુલાસાથી અનેક સવાલો ઊભા થયા છે. આ વિશેષ અહેવાલમાં મનપસંદ જીમખાનાની મોડસ ઓપરેન્ડી અને પોલીસ સાથેના આક્ષેપિત સંબંધોનું ચોંકાવનારું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. અગાઉ પણ આ જીમખાના પર સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ દ્વારા અનેકવાર દરોડા પાડવામાં આવ્યા હતા. છતાં પણ દર વખતે દરોડાના થોડા જ દિવસોમાં આ પ્રવૃત્તિઓ ફરી ધમધમવા લાગતી હતી. સ્થાનિકો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, જીમખાનાના સંચાલકો આધુનિક ટેકનોલોજી, ગુપ્ત દરવાજા અને ખાનગી નેટવર્કનો ઉપયોગ કરીને તંત્રના નાક નીચેથી આ સમગ્ર ખેલ ચલાવતા હતા. SMCની આ કાર્યવાહી બાદ સૌથી મોટો પ્રશ્ન સ્થાનિક પોલીસની ભૂમિકા પર ઉઠ્યો છે: હપ્તાખોરી અને મિલીભગતનો આક્ષેપ: સ્થાનિક કક્ષાએ ચર્ચા છે કે કેટલાક નીચલા સ્તરના પોલીસ કર્મચારીઓ અને વહીવટદારો સાથે જીમખાનાના સંચાલકોના ઘનિષ્ઠ સંબંધો હતા, જેના કારણે રેડ પડે તે પહેલાં જ બાતમી લીક થઈ જતી હતી. SMC એ કેમ આવવું પડ્યું? સ્થાનિક દરિયાપુર પોલીસ સ્ટેશનના નાક નીચે ચાલતા આ અડ્ડા પર ગાંધીનગરથી SMC ની ટીમે આવીને દરોડો પાડવો પડ્યો, તે જ બતાવે છે કે સેટિંગ કેટલું ઊંડું હતું.

## વેજલપુર કસ્ટોડિયલ ડેથ કેસમાં મોટો વળાંક: સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પોલીસ સામે હત્યાનો ગુનો નોંધાયાથી હડકંપ!

અમદાવાદ

અમદાવાદના ચર્ચિત વેજલપુર પોલીસ સ્ટેશનના કસ્ટોડિયલ ડેથ કેસમાં એક અતિ મહત્વપૂર્ણ અને મોટો ન્યાયિક વળાંક આવ્યો છે. કસ્ટડી દરમિયાન આરોપીના શંકાસ્પદ મોતના મામલે દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટના આકરા વલણ અને સ્પષ્ટ આદેશ બાદ જવાબદાર પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ સામે જ હત્યા સહિતની ગંભીર કલમો હેઠળ એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી ખાખી વર્દીમાં મોટો ખળભળાટ મચી ગયો છે.

મૃતકના પરિવારજનો શરૂઆતથી જ ન્યાય માટે લડાઈ લડી રહ્યા હતા. પરિવારનો સીધો અને ગંભીર આક્ષેપ હતો કે કસ્ટડી દરમિયાન પોલીસ કર્મચારીઓ દ્વારા માસૂમ પર આચરવામાં આવેલા માનસિક અને શારીરિક ત્રાસ, અમાનુષી મારપીટ તેમજ દવાનો ઓવરડોઝ આપવાને કારણે જ તેનું મોત નીપજ્યું હતું. સ્થાનિક સ્તરે યોગ્ય સુનાવણી કે તપાસ ન થતાં આખરે પરિવારે સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે કસ્ટોડિયલ ડેથની આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવીને ખાખી સામે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટના આદેશ બાદ તંત્ર હરકતમાં આવ્યું છે અને જવાબદાર પોલીસકર્મીઓ સામે કાયદાકીય શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. હત્યાનો ગુનો દાખલ: ખાખીના ઓટલે જ ગુનાહિત કૃત્ય આચરનાર જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કલમ ૩૦૨ (હત્યા) સહિતની આકરી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

GIDCનું ઝેરી કેમિકલ અને GPCBની હપ્તાખોરીનો પર્દાફાશ!

## સાબરમતી નદીમાં ફીણના ફુવારા : કરોડો રૂપિયા પાણીમાં વહી ગયા...!

### ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓ આ સમગ્ર કાળા કારોબાર સામે આંખ આડા કાન કરીને બેઠા છે : GPCBની કાળી હપ્તાખોરી

અમદાવાદ

અમદાવાદની શાન ગણાતી અને શુદ્ધતાની દાવો કરતી સાબરમતી નદી ફરી એકવાર ઝેરી કેમિકલ અને પ્રદૂષણના સપાટામાં આવી ગઈ છે. સાબરમતીના વહેતા પાણી પર સફેદ સાબુના ફીણ જેવા ગોટા ઊભરાતાં સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. નદીની સફાઈ અને રિન્યુઅલના નામે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં વહાવી દીધા પછી પણ સાબરમતી નદીને ઝેર પાઈને ગંદી કરવાનું એક સુનિયોજિત કાવતરું ખુલ્લેઆમ ચાલી રહ્યું હોય તેવો ઘાતક ઘાટ સર્જાયો છે. નદીમાં ફીણના ગોટા ઊભરાતાં જ તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ છે. સ્થાનિકો અને પર્યાવરણપ્રેમીઓનો સીધો અને સણસણતો આક્ષેપ છે કે: કેમિકલ વેસ્ટનું ગેરકાયદેસર ડમ્પિંગ: શહેર અને આસપાસના GIDC (ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન) વિસ્તારમાંથી ફેક્ટરીઓનું બિન-પ્રોસેસ્ડ અને ભયાનક ઝેરી કેમિકલયુક્ત પાણી સીધું સાબરમતી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. GPCB ની કાળી હપ્તાખોરી: ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (GPCB) ના અધિકારીઓ આ સમગ્ર કાળા કારોબાર સામે આંખ આડા કાન કરીને બેઠા છે. આક્ષેપ છે કે મહિને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી કરીને ભ્રષ્ટ અધિકારીઓ પોતાનું ખીસું ભરી રહ્યા છે. ગાંધીનગરનું ભ્રષ્ટ તંત્ર: ગાંધીનગરમાં બેઠેલા જવાબદાર સાહેબો અને ઉચ્ચ અધિકારીઓ માત્ર 'માલ ભેગો કરવા' માં જ વ્યસ્ત છે, જેના કારણે પર્યાવરણ અને જનઆરોગ્ય સાથે રમત રમતા ઉદ્યોગપતિઓ સામે કોઈ જ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. સરકાર દર વર્ષે સાબરમતી નદીની સફાઈ અને બ્યુટીફિકેશનના નામે મોટા મોટા દાવાઓ કરીને કરોડો રૂપિયાનું બજેટ ફાળવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે નદી આજે પણ એક મોટા 'કેમિકલ ડ્રેન' સમાન બની ગઈ છે.

---

V.S. હોસ્પિટલમાં મોટો વિસ્ફોટ

## દેવિકા પરમારની દાદાગીરી સામે 153 નર્સિંગ સ્ટાફ લાલઘૂમ!



અમદાવાદ

અમદાવાદની ઐતિહાસિક વી.એસ. (V.S.) હોસ્પિટલ ફરી એકવાર મોટા વિવાદના વંટોળમાં ઘેરાઈ છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારી દેવિકા પરમાર નામના નર્સિંગ સ્ટાફ સામે હોસ્પિટલના જ ૧૫૩ જેટલા નર્સિંગ કર્મચારીઓએ એકજૂટ થઈને બળવો પોકાર્યો છે. કથિત દાદાગીરી, મનસ્વી વર્તન અને અન્ય સ્ટાફને હેરાન-પરેશાન કરવાની શૈલી સામે આખો નર્સિંગ સ્ટાફ આક્રોશના જ્વાળામુખી પર બેઠો છે. આ મામલો હવે માત્ર હોસ્પિટલ પૂરતો સીમિત ન રહેતાં, છેક ગાંધીનગર આરોગ્ય મંત્રીના દરબાર સુધી પહોંચી ગયો છે. હોસ્પિટલના પીડિત અને નારાજ ૧૫૩ કર્મચારીઓએ એકત્ર થઈને સહીઓ સાથે ઉચ્ચ સ્તરે ચોંકાવનારી રજૂઆતો કરી છે. રજૂઆતમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે: દેવિકા પરમાર નામના કર્મચારી દ્વારા હોસ્પિટલમાં પોતાની મનસ્વી રીતે કામગીરી ચલાવવામાં આવે છે અને અન્ય નર્સિંગ સ્ટાફ પર દબાણ બનાવીને માનસિક ત્રાસ આપવામાં આવે છે. તંત્રના જ કેટલાક વહીવટી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ આ કર્મચારીને છાવરી રહ્યા છે, જેના કારણે તેમની હિંમત વધતી ગઈ છે. નારાજ ૧૫૩ નર્સિંગ સ્ટાફે આ મામલે હવે આરપારની લડાઈ લડી લેવાનો મૂડ બનાવી લીધો છે. તેમણે આ અંગે અમદાવાદ કલેક્ટર, હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડન્ટ, મ્યુનિસિપલ કમિશનરથી લઈને સીધા રાજ્યના આરોગ્ય મંત્રી સુધી કડક શબ્દોમાં લેખિત ફરિયાદો મોકલી આપી છે. સ્ટાફે માગ કરી છે કે તાત્કાલિક ધોરણે આ બાબતે તટસ્થ તપાસ કમિટી નીમીને કડક પગલાં ભરવામાં આવે. હવે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે શું આરોગ્ય વિભાગ અને હોસ્પિટલ તંત્ર આ દાદાગીરી સામે કડક કાર્યવાહી કરવાનું સાહસ બતાવશે? કે પછી અગાઉની જેમ વિજિલન્સ કે આંતરિક તપાસના નામે માત્ર કાગળો દોડાવીને સમગ્ર કૌભાંડ અને વર્તણૂક પર પડદો પાડી દેવામાં આવશે? જો સમયસર આ દાદાગીરી કરનાર સામે દાખલારૂપ પગલાં નહીં લેવાય, તો વી.એસ. હોસ્પિટલનો ૧૫૩ જેટલો નર્સિંગ સ્ટાફ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જાય તેવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદ બાદ

## વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે આરોગ્ય તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ અને વેક્ટર કંટ્રોલ કામગીરી કરાઈ

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)



અમદાવાદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ભરાયેલા પાણીમાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોનો ઉપદ્રવ ન વધે તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વ્યાપક કદમ ઉઠાવવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મેલેરિયા અધિકારીના સીધા સુપરવિઝનમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન વેક્ટર કંટ્રોલ કામગીરી હાથ ધરાઈ છે. છેલ્લા આઠ દિવસ દરમિયાન ૩૮૯ ટીમો દ્વારા ૨,૫૩,૩૦૪ ઘરો અને ૧૩,૦૦,૭૩૫ વસ્તીને આવરી લેવામાં આવી છે. તાવના દર્દીઓ શોધી સ્થળ પર જ જરૂરિયાત મુજબ આરડીટી (RDT) દ્વારા લોહીના નમૂના ચકાસવામાં આવ્યા છે, જેમાં હાલ મેલેરિયા કે ડેન્ગ્યુના કેસો નોંધાયા નથી.

મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોની ઓળખ કરી ભરાયેલા પાણીમાં એબેટ, ડાયફલુબેન્ઝ્યુરોન અને MLO(મોસ્કીટો લાર્વીસીડલ ઓઈલ) નો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

સ્થાનિક ગ્રામ પંચાયતોના સહયોગથી કાદવ-કીચડ વાળા વિસ્તારોમાં ચૂનાનો છંટકાવ, મચ્છરના ઉપદ્રવ સામે ફોગીંગ અને ચાંદીપુરા શંકાસ્પદ વિસ્તારોમાં મેલેથીયોન ડસ્ટીંગ તથા આલ્ફાસાયપરમેથ્રીન ૫% થી ઈન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રે (IRS) કામગીરી કરવામાં આવી છે.

આશા કાર્યકરો અને હેલ્થ વર્કરો દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈ આરોગ્ય શિક્ષણ આપવા સાથે શાળાઓ અને જાહેર સ્થળોએ પેમ્ફલેટ, બેનર અને માઈકિંગ દ્વારા નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્રની જાહેર જનતાને અપીલ: ઘરની આસપાસ, અગાશી કે ખુલ્લા વાસણોમાં પાણી ભરાવા ન દો, પાણી સંગ્રહના વાસણો સપ્તાહમાં એકવાર સાફ કરી ઢાંકીને રાખો, તાવ આવે તો સ્વ-દવા કરવાને બદલે તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો., આખી બંયના કપડાં પહેરો અને સવાર-સાંજ ઘરના બારી-બારણા બંધ રાખવા તેમજ મચ્છરદાની કે રીપેલેન્ટનો ઉપયોગ કરવો.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI